*Shree Kundkund-Kahan Parmarthik Trust*
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

* મંગલ દીપોત્સવી *

દંસણમૂલો ધમ્મો





# આત્મધર્મ

આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

૩૦૧

## પંચપરમેષ્ઠીનો પ્રસાદ



श्रेयोमार्गस्य संसिद्धि प्रसादात् परमेष्ठीनः।
संस्मरामो वयं तेषां प्रणमामो मुहुर्मुहुः।

**શ્રેયમાર્ગ અર્થાત્ મોક્ષમાર્ગ, તેની સમ્યક્પ્રકારે સિદ્ધિ, ભગવંત પંચપરમેષ્ઠીના પ્રસાદથી થાય છે; તેથી અમે વારંવાર તેમનું સંસ્મરણ કરીએ છીએ, ને તેમને પ્રણમીએ છીએ.**

ચાલો, શ્રીગુરુ-પ્રતાપે આત્મામાં રત્નત્રય-દીપક પ્રગટાવીને પંચપરમેષ્ઠી ભગવંતોના પવિત્ર પંથે જઈએ...ને એમની સાથે રહીએ.

તંત્રીઃ જગજીવન બાવચંદ દોશી * સંપાદકઃ બ્ર. હરિલાલ જૈન
વીર સં. ૨૪૯૫, કારતક (લવાજમઃ ચાર રૂપિયા) વર્ષ ૨૬ઃ અંક ૧
શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

# નૂતન વર્ષના પ્રારંભે........

## સંપાદકીય



પચીસ વર્ષ પૂર્ણ કરીને ૨૬મા વર્ષમાં પ્રવેશ કરી રહેલા, આ ‘આત્મધર્મ’ ઉપર, ને આ બાળક ઉપર પૂ. ગુરુદેવનો હંમેશા અનુગ્રહ રહ્યો છે; તેઓ શ્રી સદાય મંગળરૂપ છે, ને તેમની મંગલછાયામાં સદાય આત્મિકઆરાધનાની મંગલપ્રેરણા આપણને મળ્યા કરે છે. ગુરુદેવના આવા મહાન અનુગ્રહને ભાવભીના ચિત્તે યાદ કરીને નૂતનવર્ષના પ્રારંભે નમસ્કાર કરીએ છીએ...ને નૂતનવર્ષના પ્રારંભે તેઓશ્રીના આશીષ ઝીલીને આપણે આરાધનામય બનીએ એવી ભાવના ભાવીએ છીએ:

**અભિવંદીએ અભિનંદીએ...સુપ્રભાતને ગુરુદેવને...**
**આશીષ લઈને આપની...હવે સાધીએ નિજકાર્યને.**
**સુપ્રભાત ખીલ્યું આપને...ગુરુ! અમ હૃદયમાં ખીલવો...**
**હે આત્મદાતા...જીવનનેતા...પ્રાર્થના હૃદયે ધરો.**

–હરિ.

વાર્ષિક લવાજમ
ચાર રૂપિયા

દંસણ મૂલો ધમ્મો
આત્મધર્મ

વીર સં. ૨૪૯૫
કારતક

# ભગવાન મહાવીર



અહા...ભરતક્ષેત્રના એ ધર્મતીર્થકર્તા...જેમનું નામ લેતાં જ ૨૪૯૪ વર્ષને ભેદીને મુમુક્ષુની સ્મૃતિ ઠેઠ પાવાપુરીના સમવસરણમાં પહોંચી જાય છે...જ્યાં તીર્થંકરદેવ દિવ્યધ્વનિવડે મોક્ષમાર્ગ ઉપદેશી રહ્યા છે, જ્યાં ગૌતમસ્વામી, સુધર્મસ્વામી અને જંબુસ્વામી જેવા રત્નત્રયધારી સંતો એ વાણી સાક્ષાત્ ઝીલીને મોક્ષમાર્ગ સાધી રહ્યા છે, ઈન્દ્રો અને શ્રેણીક જેવા રાજવીઓ ભક્તિથી પ્રભુચરણને સેવી રહ્યા છે... અહા...શ્રુતનો સમુદ્ર ઉલ્લસી રહ્યો છે...અઢીહજાર વર્ષને ઉલ્લંઘીને ઉલ્લસતા એ શ્રુતસમુદ્રના મધુર તરંગો આજેય મુમુક્ષુના હૃદયને પાવન કરે છે.

અહા, પ્રભો! જેવા સિદ્ધાલયમાં બિરાજો છો એવા જ પૂર્ણ જ્ઞાન ને પૂર્ણ આનંદરૂપે આપ અહીં આ ભરતભૂમિમાં, આ પાવાપુરીમાં બિરાજતા હતા, ને એ અતીન્દ્રિય જ્ઞાન–આનંદમય અમારા સ્વરૂપને આપ સમવસરણમાં પ્રકાશતા હતા. આજેય ચાલી રહેલા આપના માર્ગનો એ પ્રવાહ પ્રાપ્ત કરીને અમેય આપના માર્ગે આવી રહ્યા છીએ...એટલે આપ જાણે અમારી સામે સાક્ષાત્ બિરાજો છો.

# જ્ઞાનસૂર્યનું સોનેરી સુપ્રભાત

( કારતક સુદ એકમના મંગલપ્રવચનમાંથી )

## [ આત્મામાં નવા વર્ષનો પ્રારંભ...અને સંતોની ઊંચામાં ઊંચી બોણી ]

ચૈતન્યપ્રકાશી સોનેરી સુપ્રભાતના મંગળરૂપે સવારમાં જિનેન્દ્રભગવાનના દર્શન બાદ માંગલિક સંભળાવીને ગુરુદેવે કહ્યું કેઃ અરિહંત–સિદ્ધ–સાધુ–ધર્મ એ ચાર શરણ છે, તેમાં શુદ્ધ આત્મા જ શરણરૂપ છે. ચૈતન્યચંદ્ર–જ્ઞાનસૂર્ય એવા આત્માનો ઉદય ( અનુભવ ) તે સોનેરી સુપ્રભાત છે. આવો આત્મા પોતાની જ્ઞાનસૃષ્ટિનો રચનાર છે. આત્મા પોતે અકૃત્રિમ, છેદાય નહિ ભેદાય નહિ એવો છે, કોઈ તેનો રચનાર નથી, પણ તે પોતે પોતાની જ્ઞાનસષ્ટિનો ( જ્ઞાન પર્યાયનો ) રચનાર છે, ને જ્ઞાનની રચના કરતાં કરતાં કેવળજ્ઞાનરૂપી સષ્ટિને રચે તે મહાન સુપ્રભાત છે.

આમ આનંદમંગળ પછી ખીચોખીચ ભરેલા જિનમંદિરમાં સીમંધરનાથ વગેરે ભગવંતોનું મહા પૂજન થયું. પછી સમયસારની તેરમી ગાથા ઉપરના પ્રવચનમાં સમ્યક્ત્વરૂપી સુપ્રભાત ઉગાડવાની પ્રેરણા કરતાં ગુરુદેવે કહ્યું કે આત્માનો ભૂતાર્થસ્વભાવ નવતત્ત્વોના વિકલ્પોથી પાર છે. એવા આત્માના અનુભવવડે આત્મામાં સાચું સુપ્રભાત ઊગે છે. ભાઈ ! અનંતકાળથી તું અજ્ઞાનમાં રહ્યો છો, તારા આત્મામાં સાચું જ્ઞાનપ્રભાત તેં કદી ઉગાડયું નથી. તે પ્રભાત કેમ ઊગે તેની આ વાત છે.

અહીં સુપ્રભાતમાં આત્મા પ્રકાશમાન થવાની વાત આવી છે. ભગવાન આત્મા કઈ રીતે પ્રકાશમાન થાય ?–કે નવ તત્ત્વોમાં ભૂતાર્થનયથી એક શુદ્ધજીવ જ પ્રકાશમાન છે. પર્યાયને અંતર્મુખ કરીને જોતાં એકરૂપ સ્વભાવપણે શુદ્ધજીવ પ્રકાશે છે એટલે કે તે પ્રગટ અનુભવમાં આવે છે. પહેલાં આવો સ્વભાવ લક્ષમાં ને સમજણમાં તો લ્યો ! સાચા આત્માની સમજણ વગર તેના અનુભવનો પ્રયોગ ક્યાંથી થશે ?

જુઓ, આ સર્વજ્ઞની વાણીમાં જે આવ્યું તે જ સંતોએ પ્રસિદ્ધ કર્યું છે. છોકરો ખોવાઈ જાય તો શોધે છે, પણ તેં તને પોતાને કદી ગોત્યો ? અનાદિનો પર્યાયના વિકારમાં ખોવાઈ ગયો છો, પર્યાયની પાછળ આખો ચિદાનંદ સ્વભાવ છે તેને અંતર્દ્રષ્ટિથી શોધ ! એની અંતર્દ્રષ્ટિ તે જ અપૂર્વ બેસતું વર્ષ ને સુપ્રભાત છે. આવું પ્રભાત જેને ઊગ્યું તે પરમાત્મા થશે.

અહો, આ આત્માના અનુભવનો માર્ગ છે...વીતરાગનો આ માર્ગ...તે આત્માનો અંતરનો માર્ગ છે, અંતરના સ્વભાવને શુદ્ધનય વડે પ્રતીતમાં લઈને ધ્રુવ ચિદાનંદસ્વભાવમાં પર્યાયની એકતા થઈ તે જીવ સદાકાળ પોતાના આનંદમાં બિરાજમાન રહેશે. આવો વીરનો માર્ગ છે. વીર પરમાત્માએ આવો માર્ગ પ્રકાશ્યો હતો. આવા શુદ્ધ આત્માની અનુભૂતિ તે અબાધિત નિર્દોષ માર્ગ છે.

બપોરે પ્રવચનસાર ગા. ( ૫૨ ) ના પ્રવચનમાં આત્માના કેવળજ્ઞાનસ્વભાવનો મહિમા સમજાવતાં ગુરુદેવે કહ્યું કે–કેવળીભગવાન અબંધ છે કેમકે સમસ્ત પદાર્થોને એક સાથે જાણવા છતાં તેઓ જ્ઞેયસન્મુખ થઈને પરિણમતા નથી. તેમ નીચલી દશામાં ધર્મીસાધક પણ પોતાના ચિદાનંદસ્વભાવની કિંમત જાણે છે ને સ્વસન્મુખ પરિણમે છે એટલે તે પણ સુખના પંથે છે, અંશે અતીન્દ્રિયસુખ તેણે અનુભવ્યું છે. તે જ્ઞાની જ્ઞાનસ્વભાવને જ પોતાના કાર્યરૂપે કરે છે. અજ્ઞાની રાગ–દ્વેષાદિ ભાવોને જ પોતાના કાર્યરૂપે દેખે છે, તેથી તે દુઃખી છે. રાગથી ભિન્ન આત્માના સુખની તેને ખબર નથી.

ભગવાન ! તારો આત્મા જ્ઞાનથી ને સુખથી ભરેલો છે. આત્મા પોતાના સ્વરૂપને ભૂલીને પણ પરરૂપે–જડરૂપે તો થઈ જતો નથી, બહુ તો અજ્ઞાનથી રાગાદિરૂપે થાય છે,– તે અજ્ઞાનીનું કાર્ય છે; જ્ઞાનીને રાગાદિ હોવા છતાં ચિદાનંદ સ્વરૂપનું ભાન છે, એટલે તે જ્ઞાનાદિ કાર્યને જ કરે છે; અને કેવળી પરમાત્મા તો એકલા પરિપૂર્ણ જ્ઞાન ને સુખરૂપે જ પરિણમે છે. કેવળજ્ઞાનરૂપી અપૂર્વ વર્ષ બેઠું–તે સાદિઅનંત સુખરૂપ રહેશે. આવા નિજ સ્વરૂપને ઓળખવું તે બેસતાવર્ષની બોણી છે. આ સમજે તો આત્મામાં આનંદમય નવું વર્ષ બેસે; નહિંતર તો અનાદિનું અજ્ઞાન એવું ને એવું જ છે.

આત્મા જ્ઞાનસ્વભાવી છે તેમ સુખસ્વભાવી પણ છે, એટલે જ્ઞાનની સાથે સુખ હોય જ છે; અતીન્દ્રિયજ્ઞાન સાથે અતીન્દ્રિય આનંદ હોય જ. અજ્ઞાન– મિથ્યાજ્ઞાનની સાથે દુઃખ છે, ને સમ્યગ્જ્ઞાનની સાથે સુખ છે. કેવળજ્ઞાન સાથે પૂરું સુખ છે. ભાઈ, સુખ બાહ્યવિષયોમાં નથી, સુખ તો તારા જ્ઞાનમાં જ છે. કેવળજ્ઞાનરૂપ સ્વયંભૂ–સુપ્રભાત ભગવાનને ખીલ્યું તે પૂર્ણ આનંદરૂપ છે, ને એવા જ્ઞાનની પ્રતીત કરવી તે પણ અપૂર્વ આનંદરૂપ સુપ્રભાત છે...તે અપૂર્વ બેસતું વર્ષ છે, તે જ સન્તોની બેસતાવર્ષની બોણી છે. સારામાં સારી ઉત્તમ બોણી આ જ છે. જય હો સોનેરી ચૈતન્યસુપ્રભાતસ્વરૂપ સન્તોનો !

બેસતાવર્ષની રાત્રિચર્ચામાં ગુરુદેવે નિર્વિકલ્પ આત્મા અનુભવના પ્રયત્ન માટેની ઉત્તમ પ્રેરણા આપી હતી. ને શીઘ્ર તે પ્રયત્ન કરીને સફળતા પ્રાપ્ત કરવાનો અનુગ્રહપૂર્ણ ઉપદેશ આપ્યો હતો.

# મંગલ દીપાવલી

દીપાવલીના સુપ્રભાતે સુવર્ણપુરીમાં અનેરા ઝગઝગાટથી વીરનાથનો નિર્વાણ–ઉત્સવ ઉજવાયો...સુવર્ણધામ એવું લાગતું હતું કે આ પાવાપુરી જ છે કે શું!

ગુરુદેવે વીરનાથના દર્શન બાદ સવારમાં કહ્યું કે આજે ભગવાનના મોક્ષનું ૨૪૯૫ મું વર્ષ બેઠું. અહા, સિદ્ધદશામાં ભગવાનને ૨૪૯૪ વર્ષ થઈ ગયા... ભગવાન તો સદાય પૂર્ણ જ્ઞાન ને આનંદમાં જ લીન રહેનારા છે. તે ભગવાનના સિદ્ધપદનો આજે મંગળ દિવસ છે.

ત્યાર પછી ઉમંગ ભર્યા પૂજનાદિ બાદ પ્રવચનમાં ઘણા પ્રમોદથી ગુરુદેવે કહ્યું–અહો, આત્માનો સ્વભાવ પરમ મહિમાવંત છે. તેની સમીપ, અને ભેદવિકલ્પથી દૂર એવા અનુભવ વડે ભગવાન આજે અશરીરી સિદ્ધપદ પામ્યા. ઇન્દ્રોએ પાવાપુરીમાં તેનો મહોત્સવ ઉજવ્યો; લોકોએ દીપકોની માળા પ્રગટાવીને ઉત્સવ કર્યો; સાચા તો સમ્યગ્દર્શનાદિ રત્નત્રય દીવડા છે, તેના વડે આત્મામાં આનંદરૂપ દીવાળી પ્રગટે છે. અહો, આવો અવસર આવ્યો છે.

જીવદ્રવ્યના સ્વભાવની સમીપ જઈ એ અનુભવ કરતાં સમ્યગ્દર્શનાદિ થાય છે, –તેમાં દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણે આવી જાય છે. જીવદ્રવ્ય, સ્વભાવ કહેતાં તેના ગુણો, ને તેની સમીપતા તે સ્વસન્મુખ પર્યાય;–આવા આત્મામાં પર્યાયને એકાગ્ર કરીને અનુભવ કર્યો તેમાં મોક્ષમાર્ગ આવ્યો, તેમાં આનંદ આવ્યો. પોતાના ઘરે જવાનો આ માર્ગ છે...મોક્ષઘરે જવાનો આ રસ્તો સન્તોએ બતાવ્યો છે. આ સમજવું તે જ દીવાળી છે.

–તેથી પ્રવચનમાં વારંવાર ગુરુદેવ કહે છે કે ભાઈ! આ સમજવામાં ધ્યાન રાખો...ધ્યાન રાખો! બહારમાં બીજે (અપ્રયોજનભૂતમાં) ધ્યાન રાખે છે ને તેમાં બુદ્ધિ ચલાવે છે તેને બદલે આત્માનો મહિમાવંત સ્વભાવ, તેને સમજવા માટે તેમાં ઉપયોગ લગાવવા જેવું છે;–તેમાં ધ્યાન રાખવું ને તેમાં બુદ્ધિ જોડવી–એ જ આત્માના હિતનો ને મોક્ષનો ઉપાય છે.

[ जय महावीर-सिद्ध...जय गौतम-अरहन्त ]

# સમયસારનો મહા પ્રસાદ

*

**પૂ. ગુરુદેવ સમયસારના પ્રવચનમાં શુદ્ધાત્માના અનુભવરૂપ મધુર પ્રસાદ રોજરોજ પીરસે છે ને મુમુક્ષુજીવોની રુચિને પુષ્ટ કરીને અનુભવ પ્રત્યે ઉલ્લસાવે છે. તેમાંથી થોડુંક અહીં આપીએ છીએ; આ તો પંચપરમેષ્ઠીનો 'પ્રસાદ' છે...પેટ ભરીને જમવા માટે તો જ્યાં રસોઈ રંધાતી હોય ત્યાં પહોંચવું જોઈએ.**

## * અપૂર્વ શ્રવણ ( ગાથા ૪-૫ ) *

પોતાના શુદ્ધઆત્મસ્વભાવ તરફ વલણ કરવું–તે જિનભગવાનનો ઉપદેશ છે; ને એ રીતે પોતાના શુદ્ધઆત્મસ્વભાવ તરફ વલણ કરવું–તે જિનોપદેશનું ભાવશ્રવણ છે. આવું ભાવશ્રવણ જીવે પૂર્વે કદી કર્યું નથી; તેથી કહે છે કે હે જીવ! પૂર્વે નહિ સાંભળેલી એવી અપૂર્વ આ વાત છે, માટે તું પણ પૂર્વે નહિ કરેલા એવા અપૂર્વ ભાવે સાંભળજે.

પૂર્વે અનંતકાળમાં જે અનુભવ્યું છે તેનાથી જુદી જાતની આ વાત છે. તો શ્રવણમાં પણ અપૂર્વતા લાવજે–તો જ વાચક–વાચ્યની સંધિ થશે.

## * "છઠ્ઠીના લેખ" ( ગા. ૬ ) *

* સાધકની પર્યાયમાં અંશે શુદ્ધતા થઈ છે. તે શુદ્ધતા દ્વારા શુદ્ધદ્રવ્ય પ્રતીતમાં – અનુભવમાં આવ્યું છે.

* શુદ્ધદ્રવ્યને અનુભવમાં લઈને તેને પરદ્રવ્યના ભાવોથી ભિન્નપણે ઉપાસ્યું–ત્યારે તે આત્મા 'શુદ્ધ' થયો. ( ભિન્નપણે ઉપાસવામાં આવતો શુદ્ધ કહેવાય છે. )

* દ્રવ્યસ્વભાવે તો શુદ્ધ હતો...તે 'શુદ્ધ' ને ઉપાસીને પર્યાયસહિત તે આત્મા શુદ્ધ થયો.

∗ શુદ્ધદ્રવ્યને પ્રતીતમાં લેતાં પર્યાયમાં શુદ્ધતા ન થાય એમ બને નહિ. દ્રવ્ય–પર્યાય બંને ‘શુદ્ધ’ થયા.

∗ પર્યાય પોતે રાગથી જુદી પડીને શુદ્ધ થઈ ત્યારે જ તેણે જાણ્યું કે ‘હું (આત્મા) શુદ્ધ છું.’ પર્યાય રાગમાં રહીને શુદ્ધદ્રવ્યને ઓળખી શકે નહિ.

∗ રાગની ઉપાસના કરે તે શુદ્ધ નથી; શુદ્ધદ્રવ્યની ઉપાસના કરે તે જ ‘શુદ્ધ’ છે.

∗ દ્રવ્ય તો શુદ્ધ છે જ, પણ તેની ઉપાસના કરીને શુદ્ધને સેવે, ત્યારે જ તે આત્માને ‘શુદ્ધ’ કહ્યો. ત્યાંથી “**સમયસારની શરૂઆત**” થઈ.

∗ ‘શુદ્ધદ્રવ્ય’–એમ લક્ષમાં લેનાર કોણ?–તેના તરફ ઢળેલી શુદ્ધપર્યાય, તેણે જ શુદ્ધપણે પોતાનો અનુભવ કર્યો છે,–આવો અનુભવ તે મોક્ષમાર્ગ છે.

જ્ઞાયકભાવ શુદ્ધઆત્મા શુભ–અશુભભાવરૂપે થઈ ગયો નથી, તેનાથી જુદા સ્વભાવે જ રહ્યો છે; છતાં તે સ્વભાવની ઉપાસના (શ્રદ્ધા–જ્ઞાન–એકાગ્રતા) જે નથી કરતો, ને એકલા અશુદ્ધ પુણ્ય–પાપ ભાવોરૂપે જ પોતાને અનુભવે છે–તે ભગવાનને ભૂલીને ભવમાં ભટકે છે. વીતરાગસ્વભાવને ભૂલીને અજ્ઞાની વિકલ્પને જ વેદે છે, જ્યારે એનાથી જુદો પડીને નિર્વિકલ્પ એક વિજ્ઞાનઘનસ્વભાવરૂપે પોતે પોતાને અનુભવે ત્યારે સમ્યગ્દર્શન થાય છે; ત્યારે જ તેણે શુદ્ધાત્માની ઉપાસના કરી કહેવાય. ને ત્યારે જ આત્મજ્ઞ–સન્તોની ખરી ઉપાસના ને સંગતિ તેણે કરી કહેવાય.

## ∗ મોક્ષમાર્ગની રીત ∗

### [ નિશ્ચય–વ્યવહારરૂપ ઉપદેશનું તાત્પર્ય શું? ] (ગા. ૮–૯–૧૦)

– જે જ્ઞાનપર્યાય આત્મસ્વભાવને સ્પર્શે–અનુભવે તેને ભાવશ્રુત કહેવાય છે... તે મોક્ષનું કારણ છે. આવા ભાવશ્રુતવડે મોક્ષની પરિપાટી શરૂ થાય છે, ને સંસારની પરિપાટી બંધ થાય છે.

– આવી ભાવશ્રુત પર્યાયવડે ધર્મીએ કેવળ–શુદ્ધ આત્માને જાણ્યો તેથી તેને શ્રુતકેવળી કહેવાય છે. બધુંય જ્ઞાન તે આત્મા જ છે, તેથી જેણે આત્માને જાણ્યો તેણે સર્વ જ્ઞાનને જાણ્યું, તેથી તે શ્રુતકેવળી છે.

– આત્માને જાણનારું આવું શ્રુતજ્ઞાન તે સૂક્ષ્મ છે, અપૂર્વ છે, તે ધર્મ છે, ને તેનું ફળ અલૌકિક અતીન્દ્રિય આનંદ છે.

* જ્ઞાન તે આત્મા છે. જ્ઞાનની એકતા આત્મા સાથે છે. જ્ઞાન તે રાગ નથી, જ્ઞાન તે અચેતન નથી, એટલે 'જ્ઞાન' ને જાણતાં રાગથી ને અચેતનથી ભિન્ન એવો 'આત્મા' જ જણાય છે. માટે જ્ઞાનને જાણવાનું કહેતાં પરમાર્થે આત્માને જ જાણવાનું આવે છે.

* આ રીતે 'જ્ઞાન તે આત્મા' એમ કહેતાં ગુણ–ગુણીભેદરૂપ વ્યવહાર વચ્ચે આવી જાય છે છતાં તેનું તાત્પર્ય તો આત્મા બતાવવાનું છે, એટલે તે તાત્પર્ય સમજીને શિષ્યની પર્યાય આત્મા તરફ ઝુકે છે ને પરમાર્થ આત્માને અનુભવે છે. એકલા ભેદના વિકલ્પમાં તે નથી અટકતો પણ જ્ઞાનને વિકલ્પથી પાર કરીને તે જ્ઞાનથી અભેદ આત્માને લક્ષમાં લઈ લ્યે છે. ને આવો પરમાર્થ આત્મા લક્ષમાં આવતાં જ અતીન્દ્રિય આનંદથી ભરેલા સુંદર જ્ઞાનતરંગ આત્મામાં ઉલ્લસે છે...

* આ રીતે આવો પરમાર્થ આત્મા સમજાવવો તે શાસ્ત્રનું પ્રયોજન છે. આત્મા જ્ઞાનદર્શનચારિત્રસ્વરૂપ છે–એમ વાણીમાં ભલે ભેદથી કથન આવે, પણ ઉપદેશકના લક્ષમાં તે વખતે જ અભેદ આત્મા છે, તે શ્રોતા પણ એવો પાત્ર છે કે ભેદને મુખ્ય ન કરતાં અભેદઆત્માને લક્ષમાં લઈને પરમાર્થસ્વરૂપ સમજી જાય છે. આ રીતે ભૂતાર્થસ્વભાવના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે. માટે જિનોપદેશનો આ મહાન સિદ્ધાંત છે કે ભૂતાર્થ જ આશ્રય કરવા યોગ્ય છે ને વ્યવહાર આશ્રય કરવા યોગ્ય નથી.–આ મોક્ષમાર્ગની રીત છે.

– 卐 –

## ૨૪ તીર્થંકર ભગવંતોએ શું જાણ્યું ?

૨૪ મી ગાથામાં ૨૪ તીર્થંકરોનો સન્દેશ આપતાં કુંદકુંદસ્વામી કહે છે કે સર્વજ્ઞભગવંતોના જ્ઞાનમાં જીવ સદાય ઉપયોગલક્ષણવાળો જ જણાયો છે; તો તે ઉપયોગલક્ષણવાળો જીવ પુદ્ગલ–શરીરરૂપ કેમ થઈ શકે ?–કે જેથી શરીરને તું પોતાનું કહે છે ! ભાઈ ! શરીર તો સદા પુદ્ગલરૂપ છે, ને તું તો સદા ચેતનરૂપ છો, –સર્વજ્ઞભગવંતોના આવા ઉપદેશ વડે તું જીવ અને શરીરને સર્વથા ભિન્ન જાણ ને પ્રસન્ન થઈને ઉપયોગરૂપ સ્વદ્રવ્યને જ તું પોતાનું અનુભવ.

[જેઠ સુદ આઠમની સ્વાધ્યાયમાં સમયસારની ૨૪ મી ગાથા આવતાં ગુરુદેવે ઘણી પ્રસન્નતાપૂર્વક ઉપરના ભાવો કહ્યા હતા.]

# સમ્યગ્દર્શનનો અપૂર્વ મંત્ર

[ સમયસાર ગા. ૧૧ વીર સં. ૨૪૯૪ આસો વદ ૧ ]

જિનશાસનના સારભૂત પૂ. ગુરુદેવનું આ મહત્ત્વપૂર્ણ પ્રવચન સમ્યગ્દર્શનનો અમોઘ ઉપાય દેખાડે છે...મુમુક્ષુને શુદ્ધાત્મા તરફ અંગુલિનિર્દેશ કરીને કોઈ અપૂર્વ ભાવો જગાડે છે...

ઘણો જિજ્ઞાસુઓ પૂછે છે કે સમ્યગ્દર્શનની સહેલી રીત બતાવોને! ટૂંકો રસ્તો બતાવોને! ઝટ થઈ જાય એવું બતાવોને! એ બધાને માટે ગુરુદેવનું આ એક પ્રવચન બસ છે. સમ્યગ્દર્શનની રીત એક જ છે; એક સહેલી રીત ને બીજી કઠણ રીત–એમ બે રીત છે જ નહિ. એટલે, સહેલું લાગે કે અપૂર્વતાને કારણે કઠણ લાગે, પણ આ ગાથામાં ઉપદેશેલી રીત પ્રમાણે, શુદ્ધનયવડે બોધ કરીને, અશુદ્ધતાથી ભિન્ન “સહજ એક જ્ઞાયકભાવ” રૂપે પોતાને અનુભવવો,–તેને માટે જ ઉદ્યમ કરવો, તે જ સમ્યગ્દર્શનની રીત છે; તે જ રસ્તો છે...એ રસ્તે ચાલનાર સમ્યક્ત્વપુરીમાં જરૂર પહોંચશે જ...ગુરુદેવના એ આશીર્વાદ છે.

卐




સમયસારની આ ૧૧મી ગાથા તે સમ્યગ્દર્શનની ગાથા છે...જૈનસિદ્ધાંતનું મૂળ રહસ્ય અને નિશ્ચય–વ્યવહારના બધા ખુલાસા આ સૂત્રમાં આચાર્યભગવાને ભરી દીધા છે.

શિષ્ય પૂછે છે કે 'વ્યવહાર કેમ અંગીકાર ન કરવો?' એટલે જિજ્ઞાસુશિષ્યે એટલું તો લક્ષમાં લીધું છે કે વ્યવહારરૂપ જે ગુણ–ગુણીભેદનો વિકલ્પ આવે છે તે અંગીકાર કરવા જેવો નથી ને શુદ્ધઆત્મા એક પરમાર્થ જ અનુભવ કરવા જેવો છે એમ આચાર્યદેવ કહેવા માગે છે. તે વાત લક્ષમાં લઈને શુદ્ધાત્માના અનુભવ માટે શિષ્ય પૂછે છે કે પ્રભો! 'જ્ઞાન તે હું' એવા ભેદરૂપ વ્યવહાર વચ્ચે આવે તો છે, ને તે પરમાર્થનો પ્રતિપાદક છે, તો તે વ્યવહારનયને અંગીકાર કેમ ન કરવો? ત્યારે શ્રી ગુરુ આ ૧૧મી ગાથામાં સમજાવે છે કે–

ભૂતાર્થરૂપ શુદ્ધઆત્માના જ આશ્રયે સમ્યગ્દર્શન છે–માટે તેનો આશ્રય–અનુભવ કરવા જેવો છે. અને ગુણ–ગુણીભેદરૂપ વ્યવહારનય–તે અભૂતાર્થ છે,–તે અભૂતાર્થના અનુભવવડે સમ્યગ્દર્શન થતું નથી, માટે તે અભૂતાર્થ એવો વ્યવહારનય આશ્રય કરવાયોગ્ય નથી–એમ જાણવું.

"જ્ઞાન–દર્શન–ચારિત્ર તે આત્મા" ઇત્યાદિ જે ભેદ છે તે વ્યવહાર છે, ને તેને લક્ષમાં લેનારું જ્ઞાન તે વ્યવહારનય છે. પણ અહીં અધ્યાત્મશૈલિમાં નય અને નયના વિષયને અભેદ ગણીને વ્યવહારનયને અભૂતાર્થ ગણ્યો; અને ભૂતાર્થ સ્વભાવને દેખનારો જે શુદ્ધનય, તેને જ ભૂતાર્થ કહ્યો. શુદ્ધનય પોતે તો પર્યાય છે પણ ભૂતાર્થસ્વભાવ સાથે અભેદ કરીને તે શુદ્ધનયને જ આત્મા કહ્યો, ને તેને ભૂતાર્થ કહ્યો. વ્યવહારનયના વિષયરૂપ ભેદ–વિકલ્પો તે અભૂતાર્થ છે, ને તેને વિષય કરનાર વ્યવહારનયને પણ અભૂતાર્થ કહ્યો છે. આ રીતે નય અને નયના વિષયને અભેદ કરીને કહેવાની અધ્યાત્મની ખાસ શૈલિ છે.

સર્વજ્ઞદેવે ને મહામુનિવર સન્તોએ ભૂતાર્થરૂપ શુદ્ધઆત્માના આશ્રયે જ

સમ્યગ્દર્શન કહ્યું છે. સમ્યગ્દર્શન શુદ્ધઆત્માને દેખે છે. ભેદ કે વિકલ્પરૂપ વ્યવહારના આશ્રયે શુદ્ધઆત્મા અનુભવમાં આવતો નથી.

જુઓ આ સમ્યગ્દર્શનની અપૂર્વ વાત! પરમપારિણામિક જ્ઞાયકભાવ તેને અનુભવનારો શુદ્ધનય ભૂતાર્થ છે...આવા ભૂતાર્થનો આશ્રય તે જ ચાર ગતિના દુઃખના નાશનો, ને સિદ્ધસુખની પ્રાપ્તિનો ઉપાય છે.

શુદ્ધનય એટલે અંતર્મુખજ્ઞાનદશા આત્માને એકરૂપ શુદ્ધસ્વભાવે દેખે છે, ને તે સ્વભાવના આશ્રયે સમ્યગ્દર્શનાદિ નિર્મળપર્યાય થાય છે. અહીં પર્યાયને 'ગૌણ કરીને' અભૂતાર્થ–વ્યવહાર કહ્યો છે, પણ કાંઈ તેનો અભાવ નથી. દર્શન–જ્ઞાન–ચારિત્રની નિર્મળદશાનો કાંઈ આત્મામાં અભાવ નથી, પણ તે પર્યાયનો ભેદ પાડતાં વિકલ્પ ઊઠે છે, ને વિકલ્પવડે શુદ્ધઆત્મા અનુભવમાં આવતો નથી, માટે કહ્યું કે તે વ્યવહાર અભૂતાર્થ છે.

વ્યવહારનય બધોય અભૂતાર્થ છે, એટલે કે ભેદ–વિકલ્પના જેટલા પ્રકાર છે–સદ્ભુત કે અસદ્ભુત, ઉપચાર કે અનુપચાર,–તે બધાય અભૂતાર્થ છે; કેમકે તેના વડે સમ્યગ્દર્શન થતું નથી; તે તરફ ઝુકેલી જ્ઞાનપર્યાયરૂપ જે વ્યવહારનય–તે પણ અભૂતાર્થ છે કેમકે તે પર્યાય પણ શુદ્ધાત્માને અનુભવતી નથી. અંતર્મુખ ઢળતી જ્ઞાનપર્યાયરૂપ શુદ્ધનય–તે જ ભૂતાર્થ છે, કેમકે તે શુદ્ધ ભૂતાર્થસ્વભાવને અનુભવે છે, ને તેના વડે જ સમ્યગ્દર્શન થાય છે. માટે આવા ભૂતાર્થસ્વભાવની દ્રષ્ટિમાં પર્યાયને ગૌણ કરીને (–અભાવ કરીને નહિ પણ ગૌણ કરીને) વ્યવહાર કહ્યો; અભેદ બતાવવા ભેદને ગૌણ કરીને અભૂતાર્થ કહ્યો, ને ભૂતાર્થસ્વભાવનું લક્ષ કરાવ્યું.–તે સમ્યગ્દર્શન છે. આ રીતે આ ગાથા જૈનશાસનનો પ્રાણ છે, સમ્યગ્દર્શન પ્રગટ કરવાનો મહામંત્ર આ સૂત્રમાં ભર્યો છે.

જીવ દુઃખી છે...તેને દુઃખથી છૂટવાની આ રીત સન્તો બતાવે છે કે જેમાં આનંદસ્વભાવ સદા ભર્યો છે એવા તારા ભૂતાર્થસ્વભાવને દેખ...તો તેના આશ્રયે સમ્યગ્દર્શન થતાં અતીન્દ્રિય આનંદનો અનુભવ થશે, ને દુઃખ મટશે. આ સિવાય બીજો કોઈ ઉપાય છે જ નહિ.

વ્યવહારનય તો ભેળસેળવાળા અશુદ્ધઆત્માને દેખે છે, અથવા અભેદમાં ભેદ ઉપજાવીને કહે છે, તેથી તેવા જ અનુભવથી શુદ્ધઆત્મા અનુભવમાં નથી આવતો,

માટે તે સર્વ અભૂતાર્થ છે; જ્ઞાની પોતાને સહજ એક જ્ઞાયકભાવપણે જ અનુભવે છે. આવા અનુભવને જ શુદ્ધનય કહ્યો છે ને તેને ભૂતાર્થ કહ્યો છે; તે સમ્યગ્દર્શન છે. આવા ભૂતાર્થસ્વભાવના અનુભવમાં આખું જૈનશાસન સમાઈ જાય છે.

શુદ્ધનયવડે જ આત્મા કર્મકલંકથી જુદો શુદ્ધ અનુભવાય છે. જેમ પાણીનો સ્વચ્છ સ્વભાવ છે, તે કાદવની સાથે મળતાં મલિન અનુભવાય છે. લોકમાં ઘણાય જીવો ( –બધાય નહિ પણ ઘણાય ) તો પાણીને મેલું જ દેખે છે, તેના શુદ્ધ સ્વચ્છ– સ્વભાવને દેખતા નથી; પણ કેટલાક કતકફળ ( નિર્મલી ઔષધિ ) પોતાના હાથથી નાંખીને કાદવથી ભિન્ન સ્વચ્છ પાણીને અનુભવે છે. તેમ આત્મા સ્વચ્છ ચૈતન્યસમુદ્ર છે, સમુદ્ર મેલો હોય નહિ; આત્માના શુદ્ધજ્ઞાયકસ્વભાવને નહિ દેખનારા ઘણા જીવો તો વ્યવહારમાં જ વિમોહિત થઈને રાગાદિ સાથે ભેળસેળવાળો અશુદ્ધઆત્મા જ અનુભવે છે. એકલું પાણી મેલું હોય નહિ, મેલ તો કાદવનો છે. તેમ જ્ઞાયકભાવ પોતે મેલો નથી, મેલાં તો કર્મસંયોગે થતા રાગાદિભાવો છે.– આવો વિવેક ( ભેદજ્ઞાન ) શુદ્ધનયવડે જ થાય છે. આવો બોધ પોતાના પુરુષાર્થવડે થાય છે. અશુદ્ધદ્રષ્ટિમાં આત્માનો જ્ઞાયકભાવ ઢંકાઈ ગયો હતો, પર્યાયમાં તેનો પ્રગટ અનુભવ ન હતો; પણ શુદ્ધનયવડે ભૂતાર્થ સ્વરૂપ જાણીને જ્યાં અંતર્દ્રષ્ટિ કરી ત્યાં જ્ઞાયકભાવનો પ્રગટ અનુભવ થયો, એટલે જ્ઞાયકભાવ પ્રગટયો.

અરે, અનંત સંસારમાં રખડતા જીવને નિગોદાદિ ભવોમાં તો ભેદજ્ઞાનરૂપ નિર્મળ ઔષધિની પ્રાપ્તિનો અવસર જ ક્યાં છે! આ મનુષ્યપણામાં અત્યારે એવા અપૂર્વ ભેદજ્ઞાનનો અવસર મળ્યો છે, માટે પોતે ભેદજ્ઞાન પ્રગટ કરવાની વાત છે. કાંઈ જગતના બધા જીવો આવા શુદ્ધઆત્માને નથી અનુભવતા; મોટા ભાગના જીવો તો વ્યવહારરૂપ ( અભૂતાર્થરૂપ ) અશુદ્ધપણે જ આત્માને અનુભવે છે, ને એવા અશુદ્ધઅનુભવનું ફળ સંસાર જ છે. શુદ્ધનયઅનુસાર આત્માનું શુદ્ધસ્વરૂપ જગતમાં કોઈક વિરલા જીવો જ જાણે છે, ને એવા શુદ્ધસ્વરૂપનો અનુભવ કરનારા જીવો જ આત્માનું સાચું સ્વરૂપ દેખે છે, તેઓ જ સમ્યગ્દ્રષ્ટિ છે. એકલી અશુદ્ધતાને અનુભવનારા ( ગુણભેદના વિકલ્પને અનુભવનારા ) જીવો સમ્યગ્દ્રષ્ટિ નથી, આત્માનું સાચું સ્વરૂપ તેઓ દેખતા નથી.

ભૂતાર્થ એવો શુદ્ધસ્વભાવ ત્રિકાળ,
અને અભૂતાર્થ એવા અશુદ્ધભાવો ક્ષણિક,

–એ બંને એક સાથે છે; તેમાં જેઓ એકલા અભૂતાર્થભાવોને જ દેખે છે ને શુદ્ધસ્વભાવને નથી દેખતા તેઓ વ્યવહારમાં જ મુર્છાયેલા છે–અજ્ઞાની છે. ને જેઓ અશુદ્ધતાથી ભિન્ન એવા શુદ્ધસ્વભાવને શુદ્ધનયના પુરુષાર્થવડે અંતરંગમાં અનુભવે છે તેઓ ભૂતાર્થદર્શી–સત્યદર્શી–સમ્યગ્દ્રષ્ટિ છે.

અહો, સમ્યગ્દર્શન માટે આ અપૂર્વમંત્ર છે. સંતોએ શુદ્ધાત્માના અનુભવની રીત બતાવીને માર્ગ સુગમ કરી દીધો છે. આ વાત લક્ષમાં લઈને રુચિ જાય તે ન્યાલ થઈ જશે.

## સાધકના નિશ્ચય-વ્યવહાર

જ્ઞાનીની દરેક પર્યાયમાં સહેજે એવું સામર્થ્ય હોય છે કે તે પર્યાય પોતાને અને અખંડ સ્વભાવને જાણે છે. નિશ્ચયવ્યવહાર બંનેના જ્ઞાનસહિત સાધકની પર્યાય પરિણમે છે. તેમાં નિશ્ચયસ્વભાવનો આશ્રય કરે છે; ને પર્યાયના ભેદરૂપ વ્યવહાર તેને માત્ર જાણે છે–પણ તેના આશ્રયમાં અટકતા નથી, માટે તે વ્યવહારને 'જાણેલો' (–આદરેલો નહિ પણ જાણેલો) પ્રયોજનવાન કહ્યો. ને ભૂતાર્થસ્વભાવ પરમ સત્ય પ્રયોજનભૂત આશ્રય કરવાયોગ્ય છે. તેના જ આશ્રયે મોક્ષમાર્ગ સિદ્ધ થાય છે. તેનો આશ્રય કર્યો ત્યારે તો સાધકપર્યાય પ્રગટી, ને ત્યારે જ વ્યવહારનું પણ જ્ઞાન થયું.–આ પ્રકારે બે નયની સંધિ છે. પણ વ્યવહારના વિકલ્પના આશ્રયે કલ્યાણ માની લ્યે તો તેને નિશ્ચય કે વ્યવહાર એક્કેયનું ખરૂં જ્ઞાન થતું નથી, કેમકે તે તો વ્યવહારનો પક્ષ છોડીને ભૂતાર્થસ્વભાવ તરફ દ્રષ્ટિ જ કરતો નથી. તેને તો વ્યવહારવિમૂઢ કહ્યો છે. માટે અભૂતાર્થ–વ્યવહારભાવો, અને ભૂતાર્થ–પરમાર્થ એકભાવ–એ બંનેને જાણીને ભૂતાર્થ સ્વભાવનો આશ્રય કરવો. તેની સન્મુખતા કરવી તે પ્રયોજન છે, તે જ સમ્યગ્દર્શનાદિની રીત છે. તેમાં સમ્યગ્દર્શનાદિ નિર્મળપર્યાયો પ્રગટી જાય છે. તે સાધકનો સાચો વ્યવહાર છે...તે જ તીર્થ એટલે કે તરવાનો ઉપાય અર્થાત્ મોક્ષમાર્ગ છે, તેનું ફળ મોક્ષ છે.

(સ. ગા. ૧૨ ના પ્રવચનમાંથી)

# પ્રવચનસાર... જિનવાણીની પ્રસાદી

*

પ્રવચનસારના પ્રારંભના મંગલપ્રવચનો ગતાંકમાં વાંચ્યા..જાણે કે પંચપરમેષ્ઠી ભગવંતો જ પધાર્યા હોય–એવા ઉત્તમ ભાવભીનાં પ્રવચનો ચાલી રહ્યાં છે. અહીં તો તેમાંથી થોડી થોડી પ્રસાદી જ આપી શકાય છે...કેમકે પ્રવચનો તો મહિનામાં ૬૦ થાય, જ્યારે ‘આત્મધર્મ’ તો મહિનામાં એક જ આવે–અને તે પણ મર્યાદિત પૃષ્ઠ, તેમાં કેટલું આપી શકાય? છતાં ગુરુદેવના ઉત્તમમાં ઉત્તમ ભાવોનું દોહન કરીને શક્ય એટલી ઉત્તમ સામગ્રી પીરસવા પ્રયત્નશીલ છીએ.

## શુદ્ધોપયોગ જ મોક્ષનું કારણ છે; શુભોપયોગ તે મોક્ષનું કારણ નથી.

જે જીવ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર સહિત છે, એટલે કે ધર્મરૂપે પરિણમેલો છે, મુનિદશા સાચી અંગીકાર કરી છે, છતાં તે પણ જ્યાંસુધી શુભપરિણામસહિત વર્તે છે ત્યાંસુધી મોક્ષને સાધી શકતો નથી, એટલે શુભપરિણામ તે મોક્ષના સાધક નથી પણ મોક્ષના વિરોધી છે. મોક્ષનું સાધક તો વીતરાગચારિત્ર છે; વીતરાગી શુદ્ધોપયોગ–પરિણામ વડે જ મોક્ષ સધાય છે. મુનિનેય શુભભાવ મોક્ષનું કારણ થતું નથી તો નીચેના શુભની શી વાત? અહીં તો સ્પષ્ટ કહે છે કે શુભરાગ તે ચારિત્રથી વિરુદ્ધ છે. ચારિત્ર તે વીતરાગભાવરૂપ છે, ને રાગ તેનાથી વિરુદ્ધ જાતનો છે. વીતરાગી ચારિત્ર મોક્ષનું કારણ છે ને શુભરાગ તે બંધનું કારણ છે. માટે શુદ્ધોપયોગરૂપ વીતરાગચારિત્ર અંગીકાર કરવા જેવું છે, ને શુભરાગ તે ઇષ્ટફળને રોકનાર હોવાથી છોડવા જેવું છે. અહા, આવી ચારિત્રદશા પ્રગટ કરે તેની તો શી વાત! તે ચારિત્રદશાની ઓળખાણ કરનારા જીવો પણ વિરલ છે.

વીતરાગચારિત્રરૂપ શુદ્ધોપયોગી જીવો જ મોક્ષ પામે છે; શુભોપયોગી જીવો તો સ્વર્ગસુખના બંધને પામે છે–એટલે તે તો મોક્ષથી વિરુદ્ધકાર્ય થયું.–અહીં તો

મુનિના શુભની વાત છે, મુનિ તો તે શુભને હેય જાણે જ છે, ને શુદ્ધતાને સાધી જ રહ્યા છે. અજ્ઞાની શુભને હેય ન માનતાં તેને મોક્ષના કારણરૂપ સમજીને ઉપાદેય માને છે, તેને શુદ્ધતાનો તો અંશ પણ નથી, રાગ વગરના મોક્ષમાર્ગને તે જાણતો પણ નથી. મુનિને જે શુભોપયોગ છે તે પણ ધર્મ નથી. મુનિ પોતે ધર્મરૂપે પરિણમેલા છે, પણ તે તો જેટલો વીતરાગભાવ થયો છે તેટલો જ ધર્મ છે; કાંઈ શુભરાગ તે ધર્મ નથી; ધર્મપરિણતિ અને રાગપરિણતિ બંનેની જાત જ જુદી છે. પહેલેથી જ આવી શ્રદ્ધા અને ઓળખાણ વગર ધર્મની શરૂઆત પણ થતી નથી. ધર્મીને અંશે શુદ્ધપરિણતિ ને અંશે શુભરાગ બંને સાથે ભલે હોય, પણ તેથી કાંઈ તે બંને ધર્મ નથી. ધર્મ તો શુદ્ધતા જ છે; ને રાગ તે ધર્મ નથી.

અરે, શુભરાગનું ફળ તો દુઃખ છે; ભલે એને સ્વર્ગસુખ કહ્યું પણ તેમાં આકુળતારૂપ દાહદુઃખ છે; આત્માનો શુદ્ધોપયોગ જ સુખરૂપ છે. તેથી તે જ ઉપાદેય છે; શુભઉપયોગ તો હેય છે ને અશુભઉપયોગ તો અત્યંત હેય જ છે. આ પ્રમાણે નક્કી કરીને આચાર્યદેવે પોતામાં શુદ્ધોપયોગપરિણતિ પ્રગટ કરી; એટલે કે સાક્ષાત્ મોક્ષમાર્ગ અંગીકાર કર્યો. આવો જ મોક્ષમાર્ગ છે, ને બીજો મોક્ષમાર્ગ નથી–એમ હે જીવો! તમે જાણો.

હવે કહે છે કે શુદ્ધોપયોગરૂપ જે મોક્ષમાર્ગ છે તે આત્માના પરિણામ જ છે; આત્મા જ તે શુદ્ધોપયોગરૂપે પરિણમે છે.

## * વસ્તુ પોતે પરિણામસ્વભાવી છે *

દરેક વસ્તુ પરિણામસ્વભાવવાળી છે; પરિણામ તે વસ્તુનો સ્વભાવ જ છે એટલે કોઈ બીજાના કારણે પરિણામ થાય એમ નથી. સ્વભાવથી જ વસ્તુ પોતે પરિણામવાળી છે.–આ સિદ્ધાંત બધાય પદાર્થોમાં લાગુ પડે છે.

વસ્તુ હોય ને તેને કોઈ પરિણામ ન હોય એમ બને નહિ. પરિણામ ન હોય તો વસ્તુ જ ન હોય. ઉષ્ણપરિણામ ન હોય તો અગ્નિ જ ન હોય, જ્ઞાનપરિણામ ન હોય તો આત્મા જ ન હોય, સ્પર્શપરિણામ ન હોય તો પુદ્ગલ જ ન હોય. વસ્તુ અને પરિણામ જુદાં નથી એટલે વસ્તુ સદા પોતાના પરિણામસહિત જ હોય છે, એવો એનો સ્વભાવ જ છે. એટલે કોઈ નિમિત્તે તે પરિણામ કર્યા એમ નથી.

જેમ મુક્તજીવો પોતાની સિદ્ધપર્યાયરૂપ શુદ્ધપરિણામ વગરના હોતાં નથી. મોક્ષદશામાં શુદ્ધજીવને પણ કેવળજ્ઞાન–સુખ વગેરે શુદ્ધપરિણામોનું અસ્તિત્વ છે. પરિણામ એ કાંઈ ઉપાધિ નથી, એ તો વસ્તુનો સ્વભાવ છે. કોઈ કહે કે મોક્ષમાંય જીવને પરિણામ હોય ?–હા ભાઈ ! મોક્ષમાંય જીવને પરિણામ હોય છે,–અશુદ્ધપરિણામ નથી હોતા, શુદ્ધપરિણામ જ હોય છે.–'સાદિ અનંત અનંત સમાધિ સુખમાં, અનંત દર્શન જ્ઞાન અનંત સહિત જો'–આવા પરિણામ મુક્તજીવને પણ હોય છે.

અહીં તો એમ કહેવું છે કે જગતના બધા પદાર્થોને પોતપોતાના પરિણામ હોય છે. કોઈ પદાર્થ પરિણામ વગરનો નથી હોતો; ને કોઈ પરિણામ તે પદાર્થ વગરના હોતા નથી. જેમ સિદ્ધપરિણામ છે તે મુક્તજીવરૂપ પદાર્થ વગર હોતા નથી. એકલા ક્ષણભંગુર પરિણામને જ માને ને વસ્તુને ન માને તો તેને પણ પરિણામસ્વભાવી વસ્તુની ખબર નથી. વસ્તુ વગર પરિણામ કોનાં ? દ્રવ્ય–ગુણ–પર્યાયરૂપ અથવા ઉત્પાદ–વ્યય–ધ્રુવરૂપ એવા નિજસ્વભાવમાં વસ્તુ રહેલી છે, તે જ સત્ છે. આવા સત્ સ્વભાવમાં રહેલી વસ્તુને ઓળખતાં વીતરાગતા થાય છે. જ્ઞાન અને જ્ઞેયોના યથાર્થ સ્વભાવનો જેણે નિર્ણય કર્યો છે તેને જ પ્રશમદશારૂપ ચારિત્ર પ્રગટે છે. જ્ઞાન જ જેનું ડામાડોળ હોય તેને ચારિત્રદશાની સ્થિરતા કેવી ? તેથી જ્ઞાનઅધિકારમાં છેલ્લે કહેશે કે આત્માના જ્ઞાનસ્વભાવનો યથાર્થ નિશ્ચય કરીને તેની સિદ્ધિને અર્થે પ્રશમના લક્ષે, જ્ઞેયતત્ત્વ જાણવાનો ઇચ્છક જીવ સર્વ પદાર્થોને દ્રવ્ય–ગુણ–પર્યાયસહિત જાણે છે કે જેથી મોહાંકુરની બિલકુલ ઉત્પત્તિ ન થાય.

જુઓ, દ્રવ્ય–ગુણ–પર્યાયસ્વભાવમાં રહેલી વસ્તુનું જ્ઞાન કરવાથી મોહનો નાશ થાય છે. પોતાની પર્યાય તે પોતાના સ્વભાવથી થઈ છે, બીજાથી થઈ નથી–એમ નક્કી કરતાં દ્રષ્ટિ અંતર્સ્વભાવમાં ઝુકે છે, પર સાથેની એકત્વબુદ્ધિ છૂટી જાય છે ને મોહ નષ્ટ થઈ જાય છે. તે ઉપરાંત દ્રવ્ય–ગુણ–પર્યાયનું વિશેષજ્ઞાન તે પણ વીતરાગતાનું કારણ છે. પર્યાય તે વસ્તુનો સ્વભાવ છે–એમ તેને સ્વતંત્ર ન જાણતાં, પરને લીધે પર્યાય થવાનું માને તેને મોહ કદી છૂટે નહિ; પરથી પર્યાય માને તેને તો પર સાથે એકત્વબુદ્ધિથી રાગદ્વેષ થયા જ કરે. એટલે પરિણામસ્વભાવી વસ્તુને જાણ્યા વગર સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન કે સમ્યક્ચારિત્ર હોય નહીં. અહો, દ્રવ્ય–ગુણ–પર્યાયરૂપ વસ્તુસ્વભાવ સર્વજ્ઞદેવે બતાવ્યો છે, તેનું કથન જૈનશાસન સિવાય બીજામાં યથાર્થ હોય નહિ.

વસ્તુના પરિણામ પરવસ્તુના આશ્રયે થતા નથી પણ વસ્તુ પોતે પરિણામ–

સ્વભાવવાળી છે; પરિણામી પદાર્થ જ પોતાના પરિણામરૂપે પરિણમે છે. એક ક્ષણ પણ એવી નથી હોતી કે પદાર્થ પરિણામ વગરનો એકાન્ત કૂટસ્થ હોય. તેમજ પરિણામ ત્રિકાળીવસ્તુના આશ્રયે થાય છે. ધ્રુવને ન સ્વીકારે ને એકલી ક્ષણિકતાને જ માને તોપણ તેને યથાર્થ વસ્તુસ્વરૂપની ખબર નથી. મોક્ષમાં સિદ્ધપર્યાય છે પણ આત્મવસ્તુ નથી–એમ ન બને; અથવા મોક્ષમાં આત્મા છે પણ તેને જ્ઞાનાદિ કોઈ પર્યાય નથી–એમ પણ ન બને. દ્રવ્ય–ગુણ–પર્યાયરૂપ વસ્તુ છે, તે જ સત્ છે. તેમાંથી એક્કેય અંશને કાઢી નાંખતાં વસ્તુ જ સત્ રહેતી નથી.

આવું વસ્તુસ્વરૂપ નક્કી કરનાર જીવ પોતાના પરિણામ પોતાની વસ્તુના જ આશ્રયે જાણીને સ્વાશ્રયે પરિણમે છે, એટલે સ્વભાવના આશ્રયે સાધકભાવરૂપ નિર્મળ દશા થતાં થતાં કેવળજ્ઞાન અને મોક્ષ પ્રગટે છે.

વસ્તુ પરિણામસ્વભાવવાળી છે; સમયેસમયે પરિણામ થવા તે દરેક વસ્તુનો સ્વભાવ છે. પરિણામ તે ઉપાધિ નથી પણ વસ્તુનું સ્વરૂપ છે. અશુદ્ધતા તે ઉપાધિ છે, પણ નિર્મળ પરિણામ તે તો સ્વભાવ છે, તેને જુદા કરી શકાય નહિ.

જો વસ્તુ પરિણમનસ્વભાવવાળી ન હોય તો સંસારદશાથી છૂટીને મોક્ષદશારૂપે આત્મા કદી પરિણમી શકે નહિ. જે પોતાનું કલ્યાણ કરવા ઇચ્છે છે તે એક ક્ષણમાં કલ્યાણ કરવા ઇચ્છે છે, ને તે કલ્યાણરૂપે પોતે કાયમ ટકે એમ ઇચ્છે છે, એટલે એક ક્ષણમાં પલટો ખાઈને અકલ્યાણમાંથી કલ્યાણરૂપે પરિણમી જાય, ને છતાં દ્રવ્યપણે કાયમ ટકે એવી આત્માની તાકાત છે; મિથ્યાત્વમાંથી સમ્યક્ત્વભાવરૂપે એક ક્ષણમાં આત્મા પરિણમી જાય છે. અને તે પરિણામ કોઈ બીજાના આશ્રયે નથી થતા પણ પરિણામી એવો જે પોતાનો સ્વભાવ તેના આશ્રયે જ પરિણામ થાય છે. જડના પરિણામો જડના આશ્રયે થાય છે, ચેતનના પરિણામો ચેતનના આશ્રયે થાય છે. ચેતનના પરિણામો જડના આશ્રયે, કે જડના પરિણામો ચેતનના આશ્રયે થતા નથી. ઉપાદાનના પરિણામો ઉપાદાનના આશ્રયે થાય છે, પરવસ્તુરૂપ નિમિત્તના આશ્રયે ઉપાદાનના પરિણામો થતા નથી. અહો, કેવો સ્વતંત્ર વસ્તુસ્વભાવ છે! એકેક સમયના પરિણામો સ્વતંત્ર સ્વાધીન છે. પણ ઊંધી દ્રષ્ટિમાં અજ્ઞાનીને સ્વાધીનતા દેખાતી નથી ને સમયેસમયે તે પોતાને પરાધીન માને છે, એટલે પરાશ્રયબુદ્ધિથી અશુદ્ધતારૂપે પરિણમે છે; તે સંસાર છે.

સ્વાશ્રયપરિણમન વડે એક ક્ષણમાં તે સંસારદશા ટળીને સિદ્ધદશા થઈ શકે છે. સંસારદશામાં ભલે અનંતકાળ વીત્યો પણ મોક્ષદશાને સાધતા કાંઈ અનંતકાળ નથી લાગતો. મોક્ષદશા પ્રગટ કરવા માટે અનંતકાળસુધી પુરુષાર્થ નથી કરવો પડતો, પણ સ્વભાવના આશ્રયે અલ્પકાળના પુરુષાર્થથી જ મોક્ષ સધાઈ જાય છે. કોઈપણ જીવને સાધકદશામાં અનંતકાળ નથી લાગતો, સાધક અસંખ્ય સમયના કાળમાં જ મોક્ષને સાધી લ્યે છે. સ્વભાવનો આશ્રય લીધા પછી લાંબોકાળ સંસારમાં રહેવું પડે એમ બને નહિ, સ્વભાવનો આશ્રય લેતાં અલ્પકાળમાં જ મોક્ષદશા પ્રગટી જાય છે. આમ જાણીને હે જીવ! તું પોતાના સ્વભાવનો આશ્રય લે,–તેમાં અંતર્મુખ થઈને પરિણમતાં તારા પરિણમનસ્વભાવથી જ તું સ્વયમેવ સિદ્ધદશારૂપે પરિણમી જઈશ.

## ભગવાન અને ભક્ત

સર્વજ્ઞભગવંતોનું જ્ઞાન અને સુખ અતીન્દ્રિય છે એમ ઓળખનારને પોતાને પણ અતીન્દ્રિય જ્ઞાન અને સુખ થયું છે, ને તેના બળે જ તેણે સર્વજ્ઞના અતીન્દ્રિયજ્ઞાન–સુખનો નિર્ણય કર્યો છે.

એકલા ઇન્દ્રિયજ્ઞાન ને ઇન્દ્રિયસુખમાં જ ઊભા રહીને અતીન્દ્રિયજ્ઞાન–સુખનો નિર્ણય થઈ શકે નહિ.

ભગવાન અને ભક્ત એક જાતના થયા ત્યારે જ ભગવાનની ઓળખાણ થઈ...ભગવાનની ખરી ઓળખાણ થતાં, જેવા જ્ઞાન–આનંદ ભગવાન પાસે છે તેનો નમૂનો પોતાને મળ્યો...ભક્ત અને ભગવાન વચ્ચે આવી સંધિ છે.

**“મારા પ્રભુ મને પ્રભુજી જેવો બનાવે”**

# શુદ્ધોપયોગનું ફળ–અતીન્દ્રિય મહાન સુખ

## ( -તે જ પ્રશંસનીય છે; રાગનું ફળ પ્રશંસનીય નથી )

卐

આચાર્યભગવાને પ્રવચનસારની શરૂઆતમાં પંચપરમેષ્ઠી ભગવંતોને નમસ્કાર કરીને મોક્ષનો સ્વયંવરમંડપ માંડયો છે...અમે પંચપરમેષ્ઠીમાં ભળીને મોક્ષલક્ષ્મીને સાધવા નીકળ્યા છીએ, તેનો આ મંગલઉત્સવ છે.

મોક્ષનું સાધન શું ? કે શુદ્ધોપયોગરૂપ વીતરાગચારિત્ર તે જ મોક્ષનું સાધન છે; ને વચ્ચે આવતો શુભરાગ તે તો બંધનું કારણ છે, તેથી તે હેય છે.–આમ શુભરાગને છોડીને શુદ્ધોપયોગરૂપ મોક્ષમાર્ગને આચાર્યદેવે અંગીકાર કર્યો...પોતે શુદ્ધોપયોગી ચારિત્રદશારૂપે પરિણમ્યા.

આ રીતે શુભ–અશુભપરિણતિને છોડીને અને શુદ્ધોપયોગપરિણતિને આત્મસાત કરીને આચાર્યદેવ શુદ્ધોપયોગઅધિકાર શરૂ કરે છે; પોતે તે–રૂપે પરિણમીને તેનું કથન કરે છે. તેમાં પ્રથમ શુદ્ધોપયોગના પ્રોત્સાહન માટે તેના ફળની પ્રશંસા કરે છેઃ અહો, શુદ્ધોપયોગ જેમને પ્રસિદ્ધ છે એવા કેવળીભગવંતોને આત્મામાંથી જ ઉત્પન્ન અતીન્દ્રિય પરમ સુખ છે. બધા સુખોમાં ઉત્કૃષ્ટ સુખ કેવળીભગવંતોને છે; તે સુખ રાગ વગરનું છે, ઇન્દ્રિયવિષયો વગરનું છે, અનુપમ છે અને અવિનાશી છે, વચ્ચે ભંગ વગરનું અવિચ્છિન્ન છે. સંસારના કોઈ વિષયોમાં એવું સુખ નથી.

અહો, આવું અપૂર્વ આત્મિકસુખ પરમ અદ્‌ભુત આહ્‌લાદરૂપ છે, તે જીવે પૂર્વે કદી અનુભવ્યું નથી. સમ્યગ્દર્શનમાંય આવા અપૂર્વસુખના સ્વાદનો અંશ આવી જાય છે, પણ અહીં શુદ્ધોપયોગના ફળરૂપ પૂર્ણ સુખની વાત છે.

શુદ્ધોપયોગથી આત્મા પોતે પોતામાં લીન થતાં. અતીન્દ્રિય સુખ ઉત્પન્ન થયું, તેમા બીજા કોઈ સાધનનો આશ્રય નથી, એકલા આત્માના જ આશ્રયે તે સુખ પ્રગટયું છે. તેને આત્માનો એકનો આશ્રય છે ને બીજાના આશ્રયથી નિરપેક્ષ છે, બીજા કોઈનો આશ્રય તેને નથી,–આમ અસ્તિ–નાસ્તિથી કહ્યું. આત્માથી જ ઉત્પન્ન અને વિષયોથી પાર–એવું સુખ તે જ સાચું સુખ છે, ને તે સુખનું સાધન શુદ્ધોપયોગ છે. માટે તે શુદ્ધોપયોગ ઉપાદેય છે. આમ શુદ્ધોપયોગના ફળરૂપ પરમસુખનું સ્વરૂપ બતાવીને

તે તરફ આત્માને પ્રોત્સાહિત કર્યો છે. હે જીવ! ઇન્દ્રિયસુખના કારણરૂપ એવા શુદ્ધોપયોગમાં ઉત્સાહથી આત્માને જોડ.

સંસારના જેટલા ઇન્દ્રિયસુખો તે બધાયથી આ શુદ્ધોપયોગનું સુખ તદ્ન જાુદી જાતનું છે, તેથી તે અનુપમ છે, બીજાની ઉપમા તેને આપી શકાતી નથી. અહો, શુદ્ધોપયોગી જીવોનું પરમ અનુપમ સુખ, તે અજ્ઞાનીઓને લક્ષમાં પણ આવતું નથી. આગળ કહેશે કે સિદ્ધભગવંતોના અને કેવળીભગવંતોના ઉત્કૃષ્ટ અતીન્દ્રિય સુખનું સ્વરૂપ સાંભળતાંવેંત જે જીવ ઉત્સાહથી તેનો સ્વીકાર કરે છે તે આસન્નભવ્ય છે. આ અતીન્દ્રિય સુખના વર્ણનને 'આનંદ અધિકાર' કહ્યો છે; હે જીવો! વિષયોમાં સુખબુદ્ધિ છોડીને આત્માના આશ્રયે આવા પરમ આનંદરૂપે પરિણમો.

એ સુખ શુદ્ધોપયોગવડે પ્રગટે છે. શુદ્ધોપયોગ વડે પ્રગટેલું તે સુખ સાદિઅનંતકાળમાં કદી નાશ પામતું નથી, તે અનંતકાળ રહેનારું છે. 'સાદિ–અનંત અનંત સમાધિસુખ' એવું સુખ શુદ્ધોપયોગથી જ પમાય છે. અતીન્દ્રિયસુખમાં શુભરાગનું તો ક્યાંય નામનિશાન નથી; રાગથી ને રાગના ફળરૂપ સામગ્રીથી પાર એવું તે સુખ છે. તે સુખ પ્રગટયા પછી વચ્ચે કદી તેમાં ભંગ પડતો નથી, અચ્છિન્નપણે નિરંતર તે સુખ વર્તે છે. શુદ્ધોપયોગી જીવોને આવું ઉત્કૃષ્ટ અતીન્દ્રિય સુખ છે તે સર્વથા ઇષ્ટ છે, આદરણીય છે, પ્રશંસનીય છે.–શુદ્ધોપયોગનું આવું ફળ બતાવીને આત્માને તેમાં પ્રોત્સાહિત કર્યો. જેમ સૂર્યને ઉષ્ણતા માટે કે પ્રકાશ માટે બીજા પદાર્થની જરૂર નથી, સ્વયમેવ તે ઉષ્ણ ને પ્રકાશરૂપ છે; તેમ સુખ અને જ્ઞાનને માટે આત્માને કોઈ બીજા પદાર્થની જરૂર નથી, સ્વયમેવ આત્મા પોતે સ્વભાવથી જ સુખસ્વરૂપ ને જ્ઞાનસ્વરૂપ છે. અહો, આવા આત્માને શ્રદ્ધામાં તો લ્યો. સિદ્ધભગવંતોના સુખને ઓળખતાં આવો આત્મસ્વભાવ ઓળખાય છે. ઇન્દ્રિયોથી જ્ઞાન થવાનું માને, રાગથી સુખ થવાનું માને તેણે સિદ્ધભગવંતોને કે કેવળીભગવંતોને માન્યા જ નથી; વીતરાગપરમેશ્વરને તે ઓળખતો નથી, તેણે તો રાગને માન્યો છે. રાગ વગરનું જ્ઞાન ને સુખ પ્રતીતમાં લ્યે, તો તે રાગથી ભિન્ન આત્મસ્વભાવ અનુભવમાં આવી જાય; પોતાને તેવા અતીન્દ્રિય સુખનો ને અતીન્દ્રિયજ્ઞાનનો અંશ પ્રગટયો ત્યારે સર્વજ્ઞના સુખની ને જ્ઞાનની સાચી પ્રતીતિ થઈ.

# અકારક-અવેદક જ્ઞાયકસ્વભાવી આત્મા

[ ધ્યાતાના ધ્યેયરૂપ નિજ-પરમાત્મતત્ત્વનું તથા મોક્ષના કારણરૂપ ભાવોનું વર્ણન ]

[ સમયસાર ગા. ૩૨૦ જયસેનસ્વામીની ટીકા ઉપર પ્રવચન ]

( સોનગઢઃ વીર સં. ૨૪૯૪ આસોવદ ૧ થી શરૂ )

આ પ્રવચનમાં અત્યંત પ્રમોદપૂર્વક ગુરુદેવે કહ્યું કે અહો! શુદ્ધ પરમપારિણામિક આત્મસ્વભાવના આશ્રયે સન્તો મોક્ષમાર્ગને સાધે છે. મોક્ષમાર્ગને સાધનારા સંતો તો સિદ્ધના સાધર્મી થઈને બેઠા છે. સંસારભાવોથી દૂર દૂર ને અંતરમાં સિદ્ધના સાધર્મી થઈને તેઓ મોક્ષને સાધી રહ્યા છે.

અહો, ભગવાને કહેલા સ્યાદ્વાદની સુગંધ અનેરી છે; ભગવાનનો અનેકાન્તમાર્ગ અલૌકિક છે. જીવના પાંચ ભાવોની આવી વાત સર્વજ્ઞભગવાન સિવાય બીજાના શાસનમાં હોય નહિ.

*

અહીં આત્મા પરનો ને રાગાદિનો અકર્તા–અભોક્તા છે–તે વાત સમજાવે છે. જ્ઞાનસ્વભાવી આત્મા એવો છે કે પોતાના જ્ઞાનભાવથી ભિન્ન અન્ય ભાવોનો તે કર્તા–ભોક્તા નથી. આનંદમૂર્તિ આત્મા તે જ્ઞાનભાવમાત્ર છે, તે શરીર–મન–વાણી–કર્મ વગેરે જડને તો કરે નહિ, કર્મની બંધ–મોક્ષરૂપ અવસ્થાનો કર્તા આત્મા નથી; આત્મા તો જ્ઞાતાભાવમાત્ર છે, તે પદાર્થોને કરતો નથી, વેદતો નથી. વ્યવહારસંબંધી રાગાદિવિકલ્પો તેને પણ જ્ઞાન કરતું નથી કે ભોગવતું નથી. આવા જ્ઞાનસ્વભાવી આત્માને શ્રદ્ધામાં–જ્ઞાનમાં–અનુભવમાં લેવો તે ધર્મ છે.

જેમ નેત્ર અગ્નિને દેખે છે પણ કરતું નથી, ને અગ્નિને તે વેદતું પણ નથી. તેમ જ્ઞાન પણ નેત્રની માફક કર્મને કે રાગાદિને જાણે જ છે, પણ તેને કરતું કે વેદતું નથી. જ્ઞાનમાં વિકારનું કે જડનું વેદન નથી. જેમ સંધૂકણ કરનાર અગ્નિનો કર્તા છે, ને અગ્નિથી તપ્ત લોખંડનો ગોળો અગ્નિની ઉષ્ણતાને વેદે છે, પણ તેને જોનારી

દ્રષ્ટિ ( આંખ ) તો કાંઈ તે અગ્નિને કરતી કે ભોગવતી નથી, આંખ જો અગ્નિને વેદે તો દાઝી જાય. તેમ શુદ્ધજ્ઞાન પણ રાગાદિ ભાવોને કે કર્મની બંધ–મુક્ત અવસ્થાને કરતું કે વેદતું નથી, એટલે તે અકર્તા ને અભોક્તા છે. શુદ્ધજ્ઞાન, અથવા શુદ્ધજ્ઞાનપર્યાયરૂપે પરિણમેલો ધર્મી જીવ–તે વિકારનો કે પરનો કર્તા નથી, ભોક્તા નથી; તે તન્મય થઈને તે રૂપે પરિણમતો નથી, પણ દ્રષ્ટિની માફક જ્ઞાતા જ રહે છે. આવા જ્ઞાતા સ્વભાવરૂપ પરિણમન તે ધર્મ છે. અશુદ્ધ એવા રાગાદિ વ્યવહારભાવો, તેને શુદ્ધજીવ શુદ્ધઉપાદાનરૂપે કરતો નથી, જ્ઞાનરૂપે પરિણમેલો જ્ઞાની જીવ અશુદ્ધભાવમાં તન્મય થતો નથી; તન્મય થતો નથી માટે તેને કરતો કે ભોગવતો નથી. આવું અકર્તા–અભોક્તાપણું સમજતાં આત્માને ધર્મ થાય છે.–આવા જ્ઞાતાદ્રષ્ટાસ્વભાવની સન્મુખ થઈને રાગાદિના અકર્તા–અભોક્તાપણે પરિણમવું તે વીતરાગદેવે કહેલો મોક્ષમાર્ગ છે–

આવો માર્ગ વીતરાગનો ભાખ્યો શ્રી ભગવાન,
સમવસરણની મધ્યમાં સીમંધર ભગવાન.

અહો, જ્ઞાતાદ્રષ્ટાસ્વભાવરૂપી આંખ, તેમાં રાગના કર્તૃત્વરૂપી કણિયો સમાય તેમ નથી. શુભ–અશુભરાગ તે તો આગ સમાન છે તેને જ્ઞાનચક્ષુ કેમ કરે? ને તેને કેમ ભોગવે? તેનાથી ભિન્નપણે રહીને તેને માત્ર જાણે છે. જુઓ, શાંત શીતળ અકષાયસ્વરૂપ જ્ઞાતાદ્રષ્ટા આત્મા, તે કષાયઅગ્નિને સળગાવતો નથી, કે કષાયઅગ્નિમાં બળતો નથી, આ રીતે તે કષાયોનો અકર્તા–અભોક્તા જ છે. આત્માનો સ્વભાવ ત્રિકાળ તો આવો છે જ ને તેનું ભાન થતાં જે શુદ્ધજ્ઞાનપર્યાય પ્રગટીને આત્મા સાથે અભેદ થઈ, તે પર્યાયમાં પણ રાગાદિનું કર્તા–ભોક્તાપણું નથી; રાગની શુભવૃત્તિ ઊઠે તેનું કર્તા–ભોક્તાપણું જ્ઞાનીના જ્ઞાનમાં નથી; કેમકે તે શુભવૃત્તિ સાથે તેનું જ્ઞાન એકમેક થતું નથી પણ જુદું જ પરિણમે છે. અરે, રાગ તો જ્ઞાનથી વિરુદ્ધભાવ છે, તેના વડે મોક્ષમાર્ગ થવાનું માનવું તે તો દુશ્મન વડે લાભ માનવા જેવું છે. ભાઈ, રાગમાં જ્ઞાન કદી તન્મય થતું નથી, તો તે રાગ જ્ઞાનનું સાધન કેમ થાય? અહો, અપૂર્વ માર્ગ છે, તેમાં રાગની અપેક્ષા જ ક્યાં છે? એકલા અંતર્સ્વભાવનો માર્ગ... બીજા બધાયથી નિરપેક્ષ છે.

ભાઈ, આવા કાળમાં આવા સત્ય સ્વરૂપને તું જાણ! તારું સત્સ્વરૂપ તો જ્ઞાનમય છે, રાગમાં કાંઈ તારું સત્પણું નથી. રાગથી લાભ માનવા જઈશ તો તારા સત્માં તું છેતરાઈ જઈશ. તારા સત્માં રાગાદિનું કર્તા–ભોક્તાપણું નથી, પણ જાણવાપણું છે;

જાણવારૂપ જ્ઞાનભાવમાં તારી સત્તા છે. અનંતગુણોથી અભેદ તારો આત્મા, તે જ્યાં ગુણભેદના વિકલ્પવડેય અનુભવમાં આવતો નથી, ત્યાં રાગાદિનું કર્તા–ભોક્તાપણું તેનામાં કેવું? બરફની ઠંડી પાટ જેવી જે શીતળ ચૈતન્યશિલા, તેમાંથી રાગાદિ વિકલ્પોરૂપી અગ્નિ કેમ નીકળે? જેમાં જે તન્મય હોય તેને જ તે કરી કે ભોગવી શકે. પણ જેનાથી જે ભિન્ન હોય તેને તે કરી કે વેદી શકે નહીં. જ્ઞાન સિવાય બીજા ભાવને કરે કે વેદે તે સાચો આત્મા નહિ. દ્રવ્યના સ્વભાવમાં રાગદ્વેષાદિ નથી, એટલે તે સ્વભાવને જોનારી જ્ઞાનદ્રષ્ટિમાં પણ રાગદ્વેષનું કર્તા–ભોક્તાપણું નથી. રાગદ્વેષની ઉત્પત્તિ જ્ઞાનમાંથી થતી નથી. રાગ અને જ્ઞાન ત્રિકાળ ભિન્ન છે. આવું અપૂર્વ ભેદજ્ઞાન તે જન્મ–મરણના અંતનો ઉપાય છે.

[ અથવા, જયસેનાચાર્યની ટીકામાં એવું પાઠાંતર છે કે 'दिट्ठी खयं पि णाणं...' એટલે કે જેમ શુદ્ધદ્રષ્ટિ અકર્તા ને અભોક્તા છે તેમ ક્ષાયિકજ્ઞાન પણ કર્મના બંધ–મોક્ષ વગેરેનું અકર્તા ને અભોક્તા જ છે. ચોથા ગુણસ્થાનની દ્રષ્ટિથી માંડીને ઠેઠ ક્ષાયિકજ્ઞાન સુધી અકર્તા–અભોક્તાપણું છે. કેવળજ્ઞાન થતાં પુણ્યનું કે વાણી વગેરેનું કર્તા–ભોક્તાપણું થઈ જાય–એમ નથી. એ પુણ્યફળ ને એ વાણી–સમવસરણ વગેરે બધુંય જ્ઞાનથી ભિન્ન છે, જ્ઞાન તે કોઈને કરતુંય નથી ને ભોગવતુંય નથી, માત્ર જાણે છે. એવી જ રીતે સાધકનું જ્ઞાન પણ માત્ર જાણનાર છે, તે કાળે વર્તતા રાગાદિને તે જ્ઞાન કરતું નથી, ભોગવતું નથી.

અહો, જ્ઞાનસ્વભાવ આત્મા, તેને ભગવાને પ્રસિદ્ધ કર્યો છે. તીર્થંકરભગવાન પહેલાં સાધકદશામાં મુનિપણે હતા ત્યારે તો મૌનપણે વનજંગલમાં રહેતા ને આત્માના ધ્યાનમાં જ રહેતા, ને હવે કેવળજ્ઞાન થયું–ક્ષાયિકજ્ઞાન થયું ત્યારે તો પુણ્યફળના ઠાઠ જેવા સમવસરણની વચ્ચે બેસે છે ને દિવ્યધ્વનિ કરે છે!–એમ પરનું કર્તૃત્વ દેખનારે ભગવાનને ઓળખ્યા જ નથી. અરે ભાઈ, ભગવાનનો આત્મા જ્ઞાનમાત્રભાવમાં તન્મયપણે વર્તે છે; એ વાણી, એ સમવસરણ, એ બારસભા, વગેરે પુણ્યના ઠાઠ તે કોઈ ભગવાનના જ્ઞાનનું કાર્ય નથી, તેમાં ક્યાંય ભગવાનનું જ્ઞાન પ્રવેશ્યું નથી. ભગવાને વાણી કરી એમ શાસ્ત્રોમાં ઉપચારથી જ કહેવામાં આવે છે. ખરેખર જ્ઞાનમાં વાણી વગેરેનું કર્તાભોક્તાપણું નથી. આવા જ્ઞાનસ્વરૂપ આત્માની ઓળખાણ તે ધર્મ છે.

* * *

જ્ઞાનસ્વભાવી આત્મા પરનો અકર્તા ને અવેદક છે, તેને ભૂલીને પરના કર્તૃત્વની ને ભોક્તૃત્વની મિથ્યાબુદ્ધિથી જીવ સંસારમાં દુઃખી થઈ રહ્યો છે; તેને અહીં આચાર્યદેવે આત્માનો પરથી ભિન્ન અકર્તા–અભોક્તા જ્ઞાનમાત્ર સ્વભાવ બતાવ્યો છે.

ભાઈ! તું તો જ્ઞાનસ્વરૂપ છો. તારું ચૈતન્યનેત્ર જગતનું સાક્ષી છે, પણ પોતાથી બાહ્ય એવા રાગાદિને કે જડની ક્રિયાને તે કરનાર નથી. શુદ્ધ જ્ઞાનમાં પરનું કર્તા–ભોક્તાપણું સમાતું નથી, જ્ઞાનમાં રાગાદિનું કર્તાપણું માનવું તે તો આંખ પાસે પથરા ઉપડાવવા જેવું છે. જ્ઞાનભાવની મૂર્તિ આત્મા છે, તે જ્ઞાનરૂપે પરિણમેલા જ્ઞાની રાગાદિના કર્તા–ભોક્તાપણે પરિણમતા નથી. જ્ઞાનના પરિણમનમાં રાગનું પરિણમન નથી. શુદ્ધપરિણતિમાં અશુદ્ધ પરિણતિનું કર્તૃત્વ કેમ હોય? શુદ્ધપરિણતિરૂપે પરિણમેલો જીવ પણ રાગાદિ અશુદ્ધતાનો કર્તા–ભોક્તા નથી. તેનું ઉપાદાન શુદ્ધપણે પરિણમી રહ્યું છે. શુદ્ધ ઉપાદાનરૂપે પરિણમતો તે જીવ શુદ્ધભાવનો જ કર્તા–ભોક્તા છે, તે અશુદ્ધતાનો કર્તા–ભોક્તા નથી. આવી શુદ્ધતારૂપે પરિણમેલો આત્મા તે શુદ્ધઆત્મા છે.

અરે જીવ! તારી ચૈતન્યજાત કેવી છે? તારી ચૈતન્યઆંખ કેવી છે? તેની આ વાત છે. જગતનું પ્રકાશક પણ જગથી જુદું એવું જ્ઞાનનેત્ર તે તારું સ્વરૂપ છે. આવા જ્ઞાનસ્વરૂપની શ્રદ્ધા ને અનુભવ કરવો તે કરવાનું છે. પરભાવનું કર્તૃત્વ–ભોક્તૃત્વ જ્ઞાનને સોંપવું તે તો બોજો છે, કોઈ આંખ પાસે રેતી ઉપડાવવા માંગે તો તે આંખનો નાશ કરવા જેવું છે; તેમ જડનું ને પુણ્ય–પાપનું કાર્ય જ્ઞાન પાસે કરાવવા માગે છે તેને જ્ઞાનની શ્રદ્ધા જ નથી. ધર્મી તો વિકાર વગરના જ્ઞાનમાત્રભાવે પોતાને અનુભવે છે. શુદ્ધદૃષ્ટિની જેમ શુદ્ધજ્ઞાન (ક્ષાયિકજ્ઞાન) પણ રાગાદિનું અકર્તા–અભોક્તા છે. ક્ષાયિકજ્ઞાન કહેતાં તેરમા ગુણસ્થાનની જ વાત ન સમજવી; ચોથા ગુણસ્થાનથી પણ જે શુદ્ધ જ્ઞાનપરિણમન થયું છે તે પણ ક્ષાયિકજ્ઞાનની જેમ જ રાગાદિનું અકર્તા ને અભોક્તા છે. જ્ઞાનનો સ્વભાવ જ રાગાદિનો અકર્તા–અભોક્તા છે. અહો! મિથ્યાત્વ છૂટતાં જીવ સિદ્ધસદૃશ છે. જેમ કેવળજ્ઞાન થતાં રાગાદિનું કર્તા–ભોક્તાપણું જરાપણ રહેતું નથી તેમ અહીં પણ જ્ઞાનનો એવો જ સ્વભાવ છે–એમ ધર્મીજીવ જાણે છે.

અહો! જેમ કેવળજ્ઞાનમાં રાગનું કે પરનું કર્તા–ભોક્તાપણું નથી, તેમ જ્ઞાનના કોઈ અંશમાં પરનું કે રાગનું કર્તા–ભોક્તાપણું નથી. આત્મા આવા જ્ઞાનસ્વભાવથી ભરપૂર છે. જ્ઞાનમાં એવું કોઈ બળ નથી કે પરને કરી દ્યે. કેવળજ્ઞાન થતાં જ્ઞાનનું જોર ઘણું વધી ગયું તેથી જ્ઞાન પરમાં કાંઈ કરે–એમ બનતું નથી. ભાઈ, તારું જ્ઞાન તો પોતાના આનંદને ભોગવનારું છે, એ સિવાય પરને તો તે કરતું–ભોગવતું નથી. જ્ઞાનની અનંતી તાકાત પ્રગટી–પણ તે તાકાત શું કરે?–પોતાના પૂરા આનંદને તે વેદે, પણ પરમાં કાંઈ કરે નહિ. ભાઈ! અનંત વીર્યસહિત એવું જે ક્ષાયિકજ્ઞાન તેમાં પણ પરને કરવા–ભોગવવાની તાકાત નથી તો તારામાં એ વાત ક્યાંથી લાવ્યો? તને ક્ષાયિકજ્ઞાનની ખબર નથી એટલે તારા જ્ઞાનસ્વભાવનીયે તને ખબર નથી.

આવા જ્ઞાનસ્વભાવને ઓળખીને જે શુદ્ધ જ્ઞાનપરિણતિરૂપે પરિણમ્યો તે જીવ શું કરે છે?–કે બંધ–મોક્ષને તેમજ ઉદય–નિર્જરાને જાણે જ છે. કર્મની બંધ–મોક્ષ કે ઉદય–નિર્જરારૂપ અવસ્થાને જ્ઞાન જાણે જ છે. જેમ કેવળજ્ઞાન સાતા વગેરેના પરમાણુ આવે કે જાય તેને માત્ર જાણે જ છે, તેમ સર્વજ્ઞસ્વભાવની દ્રષ્ટિવાળો ધર્મીજીવ પણ કર્મના બંધ–મોક્ષને કે ઉદય–નિર્જરાને જાણે જ છે. રાગાદિને પણ તે જાણે જ છે, પણ તેનું જ્ઞાન તે અશુદ્ધતા સાથે ભળી જતું નથી, જુદું જ રહે છે. જ્ઞાન સાથે અતીન્દ્રિય આનંદનો ભોગવટો છે, પરંતુ રાગનો કે પરનો ભોગવટો જ્ઞાનમાં નથી.

ત્રિકાળી દ્રવ્યસ્વભાવમાં તો પરનું કર્તા–ભોક્તાપણું નથી, અને તે સ્વભાવની દ્રષ્ટિરૂપ જે નિર્મળ પરિણતિ થઈ તેમાં પણ પરનું કર્તા–ભોક્તાપણું નથી. મેં રાગ કરીને પુણ્યકર્મ બાંધ્યાં, ને તે પુણ્યના ફળને હું ભોગવું છું–એમ ધર્મી માનતા નથી, હું તો જ્ઞાન જ છું, ને જ્ઞાનના ફળરૂપ અતીન્દ્રિયઆનંદને ભોગવું છું.–એમ ધર્મી પોતાને જ્ઞાન–આનંદરૂપે જ અનુભવે છે.

વળી કોઈ અશુભકર્મનો ઉદય આવી પડે ( –જેમ કે શ્રેણીકને નરકમાં પાપકર્મનો ઉદય છે– ) ત્યાં પણ ધર્મીજીવ તે અશુભકર્મના ફળરૂપે પોતાને નથી અનુભવતા, તે તો તેનાથી ભિન્ન જ્ઞાનપણે જ પોતાને અનુભવે છે, પોતાના આત્મિક આનંદને જ અનુભવે છે. જે શુભાશુભ છે તેના વેદનને પોતાના જ્ઞાનથી ભિન્ન જાણે છે. જેમ સૂર્ય જગતના અનેક શુભાશુભ

પદાર્થોને રાગ–દ્વેષ વગર પ્રકાશે જ છે, પણ તેને કરતો કે ભોગવતો નથી, એવો જ એનો પ્રકાશકસ્વભાવ છે; તેમ જ્ઞાનસૂર્ય–આત્મા પણ પોતાના ચૈતન્યકિરણો વડે શુભાશુભકર્મના ઉદયને કે નિર્જરાને, બંધને કે મોક્ષને જાણે જ છે, પણ તેને કરવા–ભોગવવાનો તેનો સ્વભાવ નથી. જ્ઞાન તો જ્ઞાનપણે જ રહે છે. જ્ઞાનનું જ્ઞાનપણું પોતાથી જ છે. કર્મની જે અવસ્થા થાય તેને તે જાણે છે. આવો જ્ઞાનસ્વભાવી આત્મા છે–તેને જાણીને તે જ્ઞાનસ્વભાવની ભાવના કરવી એવો ઉપદેશ છે.

[ ક્રમશઃ ]




# ઉત્તમ ઝાડ




**ગુરુદેવ કહે છે કે–**

**આત્મા તે અતીન્દ્રિય–આનંદનું ઝાડ છે. સમ્યગ્દર્શનથી માંડીને કેવળજ્ઞાન સુધી જે આનંદદાયી ફળ છે તે આ અતીન્દ્રિય ચૈતન્ય–ઝાડમાં પાકે છે.**




**બધી ઋતુમાં મીઠાં ફળ આપે એવું અતીન્દ્રિય આનંદનું ઝાડ આત્મા જ છે. સર્વ શોકને હરનારું અશોકવૃક્ષ પણ તે જ છે.**



# સમ્યગ્દર્શન

( સ. ગા. ૧૧ ચાલુ ) ( શ્રી આસો વદ ૪ )

**[ હે જીવો ! સ્વભાવસન્મુખ થઈને આનંદને આજે જ અનુભવો ]**

પરથી ભિન્ન આત્મવસ્તુ, તે બે અંશરૂપ છે–ત્રિકાળ દ્રવ્યસ્વભાવ, અને ક્ષણિકપર્યાય; તેમાં ત્રિકાળી દ્રવ્યસ્વભાવ શુદ્ધ છે, તેના આશ્રયે પર્યાયની શુદ્ધતા થાય છે; તેથી દ્રવ્યસ્વભાવને મુખ્ય કર્યો ને પર્યાયને ગૌણ કરી. પર્યાયનો અભાવ નથી પણ ગૌણ છે.–આ રીતે વસ્તુ સધાય છે એટલે સમ્યક્શ્રદ્ધા–જ્ઞાનપૂર્વક વીતરાગભાવ થાય છે.

ધ્રુવસ્વભાવને દેખનારી તો પર્યાય છે. તે પર્યાયનો નિષેધ કરે તો ધ્રુવને દેખશે કોણ? દેખનારી પર્યાય અંદર ઝુકી ત્યારે શુદ્ધનયઅનુસાર સાચા આત્માનો બોધ થયો. શુદ્ધનય તો પર્યાય છે, પણ તે રાગથી ભિન્ન થઈને ભૂતાર્થસ્વભાવમાં એકાગ્ર થઈ–સ્વધ્યેયને પકડીને તેમાં લીન થઈ, ત્યારે ભૂતાર્થનો આશ્રય થયો ને ત્યારે શુદ્ધઆત્માનું સમ્યક્ દર્શન થયું; આત્માનું સાચું જીવન તેને પ્રગટયું... જ્ઞાયકભાવ તેને પર્યાયમાં પ્રગટયો, પરમાત્માનાં તેને દર્શન થયા; સિદ્ધપ્રભુ તેની પર્યાયમાં પધાર્યા. આવી અપૂર્વ આ વાત છે.

રાગાદિ વિકલ્પોથી પરમાત્મા દૂર છે; અંતર્મુખ જ્ઞાનપર્યાયમાં પરમાત્મા સમીપ વર્તે છે. સમ્યગ્દ્રષ્ટિ તેને કહ્યો કે જે શુદ્ધ–જ્ઞાયકભાવપણે જ પોતાને અનુભવે છે, તેમાં અશુદ્ધતા નથી. જ્ઞાયકસ્વભાવ શુદ્ધ છે ને તેમાં પર્યાય એકાગ્ર થઈ એટલે શુદ્ધનો જ અનુભવ રહ્યો. ભૂતાર્થસ્વભાવમાં દ્રષ્ટિ કરી ત્યાં અભૂતાર્થ એવા બંધભાવો બહાર રહી ગયા.–તે પર્યાયમાં શુદ્ધનો જ અનુભવ રહ્યો. તે સાચો આત્મા, તે ભૂતાર્થઆત્મા, ને તે સમ્યગ્દર્શન છે.

પ્રભુ! એકવાર સુન તો સહી...આ તારા સમ્યગ્દર્શનની મધુરી વાત! તારું શુદ્ધદ્રવ્ય તારામાં છે, તેના આશ્રયે તારી શુદ્ધપર્યાય તારામાં છે, તારો મોક્ષ તારામાં છે, તારો મોક્ષમાર્ગ તારામાં છે. પર સાથે કે રાગ સાથે તારે કદી તન્મયતા નથી. આવું ભેદજ્ઞાન કરીને અંતર્મુખ થતાં સ્વમાં પર્યાય અભેદ થઈ, ત્યાં તેમાં ગુણભેદ કે પર્યાયભેદનું લક્ષ રહેતું નથી; જ્ઞાન–દર્શન–ચારિત્રપર્યાયના ભેદો આત્માના સ્વભાવમાં નથી. તે પર્યાયોનો અભાવ નથી, જ્ઞાનદર્શનાદિ ગુણોનો અભાવ નથી, પણ અભેદરૂપ એક ભૂતાર્થ આત્માને દેખતાં તેમાં ગુણ–પર્યાયના ભેદોનો વિકલ્પ રહેતો નથી. શુદ્ધઆત્માની આવી અનુભૂતિ તે શુદ્ધનય છે, તે સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શન એટલે અતીન્દ્રિયઆનંદનું મધુરું ઝરણું!

હું એક છું–અભેદ છું–એવોય વિકલ્પ કાંઈ સમ્યગ્દર્શનમાં નથી,–પણ સમજાવવું કઈ રીતે? સામો સમજનાર જો ભૂતાર્થસ્વભાવરૂપ વાચ્યને લક્ષમાં પકડી લ્યે તો તેને 'ભેદરૂપ વ્યવહારદ્વારા અભેદ બતાવ્યો'–એમ કહેવાય. પણ ભેદમાં જ અટકી રહે ને અભેદસ્વભાવને ન અનુભવે–તેનો તો વ્યવહાર પણ સાચો નથી–કેમકે તે તો ભેદના વિકલ્પને જ ભૂતાર્થ માનીને તેના જ અનુભવમાં રોકાઈ ગયો છે. ધર્મી તો સમજે છે કે શુદ્ધસ્વભાવના અનુભવ તરફ જતાં જતાં વચ્ચે 'હું જ્ઞાનસ્વરૂપ છું' ઇત્યાદિ ભેદવિકલ્પ ઊઠે છે, પણ તે વિકલ્પનો પ્રવેશ અંતર્‌સ્વભાવમાં નથી, તેથી તે અભૂતાર્થ છે; તે અનુભવનું ખરૂં સાધન નથી, ને તેના આશ્રયે સમ્યગ્દર્શન થતું નથી. સમ્યગ્દર્શનમાં તો એકલો શુદ્ધઆત્મા જ પ્રકાશે છે. તે પર્યાય અંદરમાં વળીને અભેદ થઈ છે, તેમાં ભેદ દેખાતો નથી. પણ આત્મા એકલો નિત્ય જ છે ને પર્યાય તેમાં છે જ નહિ–એમ નથી. આત્મા એકાંત નિત્ય જ છે ને અનિત્ય નથી, અથવા દ્રવ્ય જ છે ને પર્યાય છે જ નહિ,–એમ એકાંત નથી. દ્રવ્યપર્યાયરૂપ અનેકાન્તવસ્તુને જાણીને, તેના ભેદના વિકલ્પમાં ન અટકતાં પર્યાયને અંતર્મુખ કરીને અનુભવ કરવો તે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર છે. તેમાં નિર્વિકલ્પતા થતાં આનંદનો અનુભવ થાય છે.–ને જીવનું આ જ પ્રયોજન છે. આવા પ્રયોજનની સિદ્ધિ માટે પર્યાયભેદરૂપ વ્યવહારને ગૌણ કરીને તેને અભૂતાર્થ કહ્યો છે; ને શુદ્ધ–ભૂતાર્થ સ્વભાવના આશ્રયે સમ્યગ્દર્શન કહ્યું છે.

પરવસ્તુ તો આત્મામાં (–પર્યાયમાં પણ) છે જ નહિ, એટલે તેને ગૌણ કરવાનો પ્રશ્ન જ નથી. પણ પોતામાં જે ભાવો વિદ્યમાન છે તેને ગૌણ–મુખ્ય કરવાની વાત છે. જ્ઞાનાદિ ગુણો કે સમ્યક્‌ત્વાદિ પર્યાયો તેનો ભેદથી વિચાર કરતાં વિકલ્પ ઊઠે છે ને અભેદનો આનંદ અનુભવમાં આવતો નથી, જ્યારે તે ભેદના વિકલ્પો છોડીને, અભેદરૂપ આત્માને અનુભવમાં લ્યે ત્યારે તે ભેદો ગૌણ થઈ જાય છે, તેનું લક્ષ છૂટી જાય છે, ને એકત્વનિશ્ચયરૂપ પરિણતિ થતાં અતીન્દ્રિય આનંદ અનુભવાય છે. આવો આનંદ એ જ જીવનું પ્રયોજન છે.

**હે જીવો! અભેદ સ્વભાવસન્મુખ થઈને એવા આનંદને તમે આજે અનુભવો –એમ વીતરાગી સન્તોનો ઉપદેશ છે.**

ટૂંકી ટચ વાત
જાણો હે ભ્રાત;
સિદ્ધોની સાથ
રે' વું છે આજ.



એટલું કરવું
અંદર ઠરવું
સ્વરૂપ ચુકી
બીજે ન જાવું.

# અનાદિ-અનંત મંગળરૂપ આત્મા

*

**'षट्‌खंडागम' એ જિનેન્દ્રભગવાનની વાણીનો સીધો પ્રસાદ છે, તેમાં વીતરાગતાની અનેક અવનવી વાનગી ભરેલી છે; ગુરુદેવ પણ કોઈવાર તેમાંથી અદ્‌ભુત વાનગી પીરસે છે. એવી એક સુંદર પ્રસાદી દીવાળીના પ્રસંગે અહીં આપી છે. અવારનવાર આવી વાનગી 'આત્મધર્મ' માં આપવાની ભાવના છે.**

શ્રી ધવલશાસ્ત્રના ભાગ ૧ પૃ. ૩૪ થી ૩૯ માં આત્માના માંગળિકનો અધિકાર ઘણો જ અપૂર્વ છે. આ અધિકાર દ્વારા આચાર્યભગવાન જીવસ્વભાવની ઓળખાણ કરાવે છેઃ જીવ મંગળ છે, પણ જીવની અવસ્થામાં થતા મિથ્યાત્વાદિ ભાવો મંગળરૂપ નથી, એમ સ્વભાવ અને વિભાવ વચ્ચે અપૂર્વ રીતે ભેદવિજ્ઞાન કરાવ્યું છે. ખરેખર એ મંગળ અધિકાર પોતે મહા મંગળરૂપ છે.

પૃ. ૩૬માં આચાર્યપ્રભુ જણાવે છે કે–દ્રવ્યાર્થિકનયની પ્રધાનતાથી જીવ અનાદિ અનંત મંગળસ્વરૂપ છે.

ત્યાં શિષ્ય પ્રશ્ન કરે છે કે એ રીતે જીવને અનાદિ–અનંત મંગળ કહેતાં તો મિથ્યાત્વઅવસ્થામાં પણ જીવને મંગળપણાની પ્રાપ્તિ થઈ જશે ?

ત્યાં સમાધાન કરતાં આચાર્યદેવ વીરસેનસ્વામી જણાવે છે કે **એવો પ્રસંગ તો અમને ઇષ્ટ જ છે!** વાહ, અહીં આચાર્યભગવાન કહે છે કે વિકારીદશા વખતે પણ જીવનો સ્વભાવ મંગળરૂપ છે તે તો અમારે સિદ્ધ કરવું છે. વિકાર વખતે તારો સ્વભાવ તે વિકારમય થઈ ગયો નથી; પણ વિકાર વખતે ય તારો સ્વભાવ મંગળરૂપ જ છે. એટલે અવસ્થાને ગૌણ કરીને સ્વભાવદ્રષ્ટિથી જીવસ્વભાવની ઓળખાણ કરાવે છે. આ સંબંધી વિશેષ ખુલાસો કરતાં આચાર્યપ્રભુ જણાવે છે કે–

વિકારીદશા વખતે જીવને મંગળરૂપ માનવાથી પણ તે મિથ્યાત્વાદિ વિકાર ભાવોમાં કાંઈ મંગળપણું આવી જતું નથી કેમકે તેમાં જીવત્વ નથી અર્થાત્ તે મિથ્યાત્વાદિ ભાવો જીવ જ નથી.

અહીં આચાર્યદેવશ્રીએ જીવને અનાદિઅનંત મંગળરૂપ કહીને વિકારથી ભિન્ન બતાવ્યો છે. અને એ રીતે મહામંગળ કર્યું છે. જે જીવ પોતાના અનાદિઅનંત મંગળ સ્વરૂપને સ્વીકારે તે જીવને વર્તમાન અવસ્થામાં પણ મંગળપણું અવશ્ય થઈ જાય છે. પોતાના ત્રિકાળી મંગળસ્વભાવને સ્વીકારનાર અવસ્થા પોતે તે ત્રિકાળ મંગળ સાથે અભેદ થઈને મંગળરૂપ થઈ જાય છે. એ રીતે ત્રિકાળી માંગળિક દ્રવ્ય સાથે વર્તમાન માંગળિક પર્યાયની પણ અપૂર્વ સંધિ છે. એ માંગળિકનો અધિકાર ખાસ મનન કરવા યોગ્ય છે. (એક વાર ગુરુદેવે પ્રવચનમાં પણ આ અધિકારના ભાવો ખોલ્યા હતા, ને તીર્થંકર વગેરેના આત્મા અનાદિઅનંત મંગળરૂપ છે તે સંબંધી મહિમા સમજાવ્યો હતો. વાહ! મોક્ષગામી જીવ સદાય મંગળરૂપ જ છે.)

**— દીપાવલી અભિનંદન — :** આત્મધર્મના પાઠક સમસ્ત સાધર્મી–બંધુઓને, તેમ જ સમસ્ત બાલસભ્યોને ઉત્તમ ભાવનાઓ સાથે હાર્દિક દીપાવલી અભિનંદન! બંધુઓ, આપણા વીરપ્રભુ મોક્ષ પામ્યા તેની યાદગીરીમાં આ દીપાવલી–ઉત્સવ ઉજવાય છે, અને આપણે પણ 'વીરનાં સન્તાન' છીએ, આપણે પણ આપણા એ વીરપિતાના જ માર્ગે જવાનું છે...તેમણે બતાવેલા માર્ગને આપણે ઓળખીએ ને વીર થઈ ને વીરમાર્ગે જઈએ–એવી ઉત્તમ ભાવના સાથે નુતન વર્ષ શરૂ થાય છે.

અત્યારે વીર નિર્વાણનું ૨૪૯૫ મું વર્ષ ચાલે છે. પાંચમા વર્ષે અઢી હજારમો નિર્વાણોત્સવ આવશે. ભારતમાં કોઈ અનેરી શૈલીથી એ ઉત્સવ ઉજવાશે ને જૈનધર્મનો મંગલ ધ્વજ ઊંચા ઊંચા આકાશને શોભાવશે. એ ધર્મધ્વજની છાયામાં આપણે આપણું જીવન ઊંચું ને ઊચું લઈ જઈએ એવી ભાવના સાથે–जय महावीर. –બ્ર. હ. જૈન.

આ વર્ષે બધા બાલસભ્યોને દીપાવલીના અભિનંદન કાર્ડ મોકલવામાં આવ્યા છે. આપણા સ્વ. બાલસભ્ય રીટાબેનની યાદીમાં છબીલદાસભાઈ સંઘવી (બીલીમોરા) તરફથી, તથા બાલસભ્યો પ્રત્યે પ્રેમ ધરાવનાર મુંબઈના શ્રી જાુગરાજજી શેઠ તરફથી (તેમના સુપુત્રના વેવિશાળ પ્રસંગે)–એ બંને તરફથી આ અભિનંદન કાર્ડ મોકલવાનું ખર્ચ આપવામાં આવ્યું છે, તે બદલ તેમનો આભાર.

કેટલાક બાલસભ્યો તરફથી તેમજ જિજ્ઞાસુઓ તરફથી સંપાદક ઉપર તેમ જ બધા બાલસભ્યો ઉપર અભિનંદન કાર્ડ આવેલ છે, તે બધાનો પણ આભાર.-**जय जिनेन्द्र**

# સિદ્ધનો સાધર્મી

## સાધક કહે છે-હું સિદ્ધનો સાધર્મી છું

∗ ભલે સિદ્ધ મોટા, ને હું નાનો,–પણ છીએ તો અમે બંને સાધર્મી.

∗ જેવા સિદ્ધ જ્ઞાનમય છે, તેવો હું જ્ઞાનમય છું.

∗ જેવા શુદ્ધ આત્માને સિદ્ધ જાણે છે, તેવા શુદ્ધાત્માને હું પણ જાણું છું.

∗ આમ સિદ્ધ સાથે સમાનતારૂપ સાધર્મીપણું છે.

∗ અહા, જુઓ તો ખરા સાધકદશા! જાણે પોતે અનંતસિદ્ધોની સભામાં જ બેઠો છે!

∗ શ્રુતજ્ઞાને જાણેલો આત્મા નાનો, ને કેવળજ્ઞાને જાણેલો આત્મા મોટો – એમ નથી.

∗ જેવા આત્માને કેવળીભગવાન કેવળજ્ઞાનથી જાણે છે, શ્રુતજ્ઞાની શ્રુતજ્ઞાનથી પણ તેવા જ આત્માને જાણે છે. – એમાં કાંઈ ફેર નથી.

∗ શ્રુતજ્ઞાન નાનું છે માટે તે નાના આત્માને જાણે, ને કેવળજ્ઞાન મોટું છે માટે તે મોટા આત્માને જાણે, – એવો તો કાંઈ ફરક નથી.

∗ તેથી શ્રુતજ્ઞાનવડે કેવળીની જેમ જ શુદ્ધાત્માને જાણતા થકા જ્ઞાની સંતુષ્ટ છે...પ્રયોજનભૂત, પ્રાપ્ત કરવા યોગ્ય જે શુદ્ધાત્મતત્ત્વ છે તે તો શ્રુતજ્ઞાનવડે પણ જાણી જ લીધું છે, જેવું કેવળીએ જાણ્યું તેવું જ પોતે જાણી લીધું છે,–પછી બીજું જાણવાની આકુળતા ક્યાં રહી? જાણેલા શુદ્ધાત્મામાં જ ઠરવાનું રહ્યું.

∗ સિદ્ધ અને અરિહંતોએ કેવળજ્ઞાનરૂપ મોટા જ્ઞાનવડે શુદ્ધઆત્માને જાણ્યો, ને અમે સાધકદશાના નાના જ્ઞાનવડે તે શુદ્ધાત્માને જાણ્યો, પણ શુદ્ધાત્મામાં કાંઈ ફેર નથી, શુદ્ધાત્મા તો બંનેનો સરખો છે. કેવળજ્ઞાનવડે જે શુદ્ધાત્મા જણાયો તે મોટો ને શ્રુતજ્ઞાનવડે જે શુદ્ધાત્મા જણાયો તે નાનો–એવો તો કોઈ ફેર નથી. જેવો ભગવાને જાણ્યો તેવો જ શુદ્ધાત્મા અમે જાણી લીધો છે–માટે સાધક કહે છે કે અમે સિદ્ધના સાધર્મી છીએ.

(પ્રવ. ગાથા ૩૪ના પ્રવચનમાંથી)

# પુનરાવર્તનરૂપ પરીક્ષા.....

## ( જોઈને લખવાની છૂટ )

**જેમાં આત્મધર્મના બધા જ વાંચકો ભાગ લઈ શકે એવો એક નવો વિભાગ આ પાનાં પર શરૂ થાય છે...જે સૌને ગમશે.**

**અહીં નીચે દશ પ્રશ્નો આપ્યા છે. એ દશે પ્રશ્નોના જવાબ ગત માસના અંકમાં ( અંક ૩૦૦માં ) આવી ગયેલા છે તેમાંથી તમારે શોધી કાઢવાના છે; કામ તો સહેલું છે, પણ તે માટે તમારે બે વાત કરવી પડશે ( ૧ ) ગયા માસના અંકો સાચવી રાખવા પડશે, ને ( ૨ ) તે આખો અંક ધ્યાનપૂર્વક વાંચવો પડશે. ભાગ લેનારને ૧૦૦ ટકા સફળતાની ખાતરી છે, કેમકે જોઈને લખવાની છૂટ છે.**

( ૧ ) સમયસારનું મંગલાચરણ એટલે સિદ્ધપદની ધૂન...ને પ્રવચનસારનું મંગલાચરણ એટલે... ?

( ૨ ) અનેકાન્તમય જિનવાણી–રથના બે પૈડાં ! એ બંને પૈડાં ઉપર જિનવાણીનો રથ આજેય મોક્ષમાર્ગ તરફ દોડી રહ્યો છે.–એ બે પૈડાં કયા ?

( ૩ ) સોનગઢમાં તો જાણે સિદ્ધભગવંતોનો અને પંચપરમેષ્ઠી ભગવંતોનો મોટો મંગળ મેળો ભરાયો હોય !–‘આ મેળામાં આવ્યો તે મુમુક્ષુ જરૂર મોક્ષ પામશે’ ...એમ લખ્યું છે, પણ સાથે એક શરત મુકી છે, તે શરત કઈ ?

( ૪ ) ‘समयसार’ માં શબ્દોની સંધિ એવી રીતે છૂટી પાડો કે તેમાંથી રત્નત્રય નીકળે.

( ૫ ) ગુરુદેવના હાથમાં એક શાસ્ત્ર આવ્યું ત્યારે તેઓના અંતરમાંથી એવા ઉદ્ગાર નીકળ્યા કે ‘આત્માના અશરીરી ભાવને દર્શાવનારું આ શાસ્ત્ર છે.’–તે શાસ્ત્ર કયું ?

( ૬ ) ‘બોલો સમયસાર ભગવાનનો...જય હો’–એમ જય બોલાવી,–તે કોણે ? અને ક્યારે ?

( ૭ ) સોનગઢમાં અદ્ભુત કારખાનું છે–તે શેનું ?

( ૮ ) એક બહેને લખ્યું છે કે...પુસ્તક વાંચ્યું...વાંચીને જાણે એમ લાગે છે કે બસ, ચારે બાજુથી જ્ઞાનના દરવાજા ઉઘડી ગયા છે,–તે કયું પુસ્તક ?

( ૯ ) “અનંત સિદ્ધભગવંતોને આત્મામાં બોલાવીને આરાધકભાવની ઝણઝણાટી બોલાવતું અપૂર્વ મંગલાચરણ”–તે કઈ ગાથામાં છે ?

( ૧૦ ) દેવગઢથી સોનગઢમાં આવ્યું છે–તે કોણ ?




## અમે જિનવરનાં સંતાનઃ ( નવા સભ્યોનાં નામ )

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૧૩૩ | હિનાબેન દોલતરાય જૈન | રાજકોટ | ૨૧૫૦ | A વિનોદચંદ્ર હિંમતલાલ જૈન | અમદાવાદ |
| ૨૧૩૪ | ભરતકુમાર મોતીલાલ જૈન | મુંબઈ | ૨૧૫૦ | B રશ્મીબેન હિંમતલાલ જૈન | અમદાવાદ |
| ૨૧૩૫ | અરૂણકુમાર મનસુખલાલ જૈન | વિંછીયા | ૨૧૫૦ | C અરવિંદકુમાર હિંમતલાલ જૈન | અમદાવાદ |
| ૨૧૩૬ | જયેશકુમાર હરિલાલ જૈન | વિંછીયા | ૨૧૫૦ | D નીતીનકુમાર હિંમતલાલ જૈન | અમદાવાદ |
| ૨૧૩૭ | દિલીપકુમાર દેવચંદ જૈન | વિંછીયા | ૨૧૫૧ | A ભારતી રમણિકલાલ જૈન | અમદાવાદ |
| ૨૧૩૮ | જસવંત શાંતિલાલ જૈન | વિંછીયા | ૨૧૫૧ | B મુકેશ રમણીકલાલ જેન | અમદાવાદ |
| ૨૧૩૯ | શરદકુમાર શાંતિલાલ જૈન | વિંછીયા | ૨૧૫૧ | C બકુલ રમણીકલાલ જૈન | અમદાવાદ |
| ૨૧૪૦ | A નીલાબેન બાબુભાઈ જૈન | અમદાવાદ | ૨૧૫૧ | D શીરીષ રમણીકલાલ જૈન | અમદાવાદ |
| ૨૧૪૦ | B શૈલેષ બાબુભાઈ જૈન | અમદાવાદ | ૨૧૫૧ | E ઉમંગ રમણીકલાલ જૈન | અમદાવાદ |
| ૨૧૪૧ | સુબોધચંદ્ર વૃજલાલ જૈન | અમદાવાદ | ૨૧૫૨ | A ભાવનાબેન કારૂલાલ જૈન | અમદાવાદ |
| ૨૧૪૨ | હંસાબેન વૃજલાલ જૈન | અમદાવાદ | ૨૧૫૨ | B કૌશલ્યાબેન કારૂલાલ જૈન | અમદાવાદ |
| ૨૧૪૩ | A તરંગીણીબેન ચારૂચંદ્ર જૈન | અમદાવાદ | ૨૧૫૨ | C રમાકાન્ત કારૂલાલ જૈન | અમદાવાદ |
| ૨૧૪૩ | B અતુલકુમાર કાંતિલાલ જૈન | અમદાવાદ | ૨૧૫૨ | D કમલેશકુમાર કારૂલાલ જૈન | અમદાવાદ |
| ૨૧૪૪ | A ભરતકુમાર પ્રભાકર જૈન | અમદાવાદ | ૨૧૫૨ | E અરવિંદકુમાર કારૂલાલ જૈન | અમદાવાદ |
| ૨૧૪૪ | B હરેશકુમાર પ્રભાકર જૈન | અમદાવાદ | ૨૧૫૩ | A વર્ષાબેન રસિકલાલ જૈન | અમદાવાદ |
| ૨૧૪૫ | પ્રવિણચંદ્ર વાડીલાલ જૈન | અમદાવાદ | ૨૧૫૩ | B ભવ્યેશ રસિકલાલ જૈન | અમદાવાદ |
| ૨૧૪૬ | ચંદ્રબાળા ચુનીલાલ જૈન | અમદાવાદ | ૨૧૫૪ | રાજેશ કીર્તિકુમાર જૈન | અમદાવાદ |
| ૨૧૪૭ | A વિનોદકુમાર ચુનીલાલ જૈન | અમદાવાદ | ૨૧૫૫ | જિતેન્દ્રકુમાર વિમળભાઈ જૈન | અમદાવાદ |
| ૨૧૪૭ | B પ્રતીમાબેન ચુનીલાલ જૈન | અમદાવાદ | ૨૧૫૬ | પ્રદિપકુમાર નરોત્તમદાસ જૈન | અમદાવાદ |
| ૨૧૪૭ | C અલ્પાબેન ચુનીલાલ જૈન | અમદાવાદ | ૨૧૫૭ | સનતકુમાર અમૃતલાલ જૈન | અમદાવાદ |
| ૨૧૪૮ | A મીનાબેન કલ્યાણભાઈ જૈન | અમદાવાદ | ૨૧૫૮ | પ્રકાશચંદ્ર કનૈયાલાલ જૈન | અમદાવાદ |
| ૨૧૪૮ | Bજ્યોતીબેન કલ્યાણભાઈ જૈન | અમદાવાદ | ૨૧૫૯ | પ્રવિણચંદ્ર ચીમનલાલ જૈન | અમદાવાદ |
| ૨૧૪૯ | Aભોગીલાલન્યાલચંદભાઈ જૈન | અમદાવાદ | ૨૧૬૦ | મનોજકુમાર મનસુખલાલ જૈન | વિંછીયા |
| ૨૧૪૯ | Bઅશોકકુમારન્યાલચંદભાઈ જૈન | અમદાવાદ | ૨૧૬૧ | A કિરણકુમાર શશીકાંત જૈન | વિંછીયા |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૧૬૧ | B પ્રજ્ઞાબેન શશીકાંત જૈન | વિંછીયા | ૨૧૬૨ | અશોકકુમાર રસિકલાલ જૈન | ગોંડલ |
| ૨૧૬૧ | C દક્ષાબેન ભોગીલાલ જૈન | વિંછીયા | ૨૧૬૩ | સંગીતાબેન મનુભાઈ જૈન | મુંબઈ |
| ૨૧૬૧ | D કલ્પનાબેન શશીકાંત જૈન | વિંછીયા | | | |

( બીજા નામો આવતા અંકે )

## ગતાંકમાં પૂછેલ ૧૨ માસની ગોઠવણી નીચે મુજબ છે–

| | |
|---|---|
| ૧ કારતક સુદ ૧૫ | શ્રીમદ્ રાજચંદ્રનો જન્મદિવસ ( વવાણીયામાં ) |
| ૨ માગશર વદ ૮ | શ્રી કુંદકુંદસ્વામીની આચાર્યપદવીનો દિવસ. |
| ૩ પોષ વદ ૧૪ | શ્રી ઋષભદેવ ભગવાન કૈલાસગિરિથી મોક્ષ પામ્યા. |
| ૪ માહ સુદ ૧૩ | શ્રી ધર્મનાથભગવાનનો જન્મ અને દીક્ષા. |
| ૫ ફાગણ સુદ બીજ | સોનગઢમાં સીમંધરભગવાનની પ્રતિષ્ઠા. |
| ૬ ચૈત્ર સુદ ૧૦ | સોનગઢ–માનસ્તંભમાં ભગવાનની પ્રતિષ્ઠા. |
| ૭ વૈશાખ સુદ ૩ | શ્રેયાંસકુમારે ઋષભમુનિરાજને સૌથી પહેલું આહારદાન દીધું– ( હસ્તિનાપુરમાં ) |
| ૮ જેઠ સુદ પાંચમ | અંકલેશ્વરમાં જિનવાણી–ષટ્ખંડાગમની મહાન પૂજાનો ઉત્સવ ( શ્રુતપંચમી ) |
| ૯ અષાડ વદ એકમ | રાજગૃહીમાં મહાવીરપ્રભુ સમીપ ગૌતમસ્વામી ગણધર થયા ને ભગવાનની પહેલવહેલી દિવ્યવાણી નીકળી. |
| ૧૦ શ્રાવણ સુદ પૂનમ | હસ્તિનાપુરમાં વિષ્ણુકુમારે ૭૦૦ મુનિવરોની વાત્સલ્યપૂર્વક રક્ષા કરી. ( રક્ષાપર્વ ) |
| ૧૧ ભાદરવા સુદ ૫ થી ૧૪ | દશલક્ષણ–પર્યુષણપર્વ |
| ૧૨ આસો વદ ૦) ) | પાવાપુરીથી મહાવીર ભગવાન મોક્ષ પધાર્યા. |

**આત્મધર્મઃ લવાજમ રૂા. ૪ આત્મધર્મ કાર્યાલય, સોનગઢ.**

# 卐 વાંચકો સાથે વાતચીત અને તત્ત્વચર્ચા 卐

અમદાવાદના સ. નં. ૯૮૪ ઉષાબેન લખે છે કે–"આ વખતનું 'આત્મધર્મ' વાંચતાં જાણે સિદ્ધપદના ભણકારા વાગતા હતા. જ્યારે એ અપૂર્વદશા પ્રાપ્ત થશે. ત્યારે તો અલૌકિક આનંદ થશે." સાથે તેમણે દર્શના અને ચેતના નામની બે બહેનપણીનો સંવાદ લખીને તે–દ્વારા ઉત્તમ ભાવના વ્યક્ત કરી છે, તે પણ અહીં આપીએ છીએઃ–

## બે સખીનો સંવાદ

**દર્શનાઃ**- હે સખી ! આ અસાર સંસારમાં સાચું સુખ ક્યાં હશે ?

**ચેતનાઃ**- હે પ્રિય સખી ! સાચું સુખ તો પોતામાં જ રહેલું છે.

**દર્શનાઃ**- હે સખી ! તો પછી આ જીવને સુખ કેમ મળતું નથી ?

**ચેતનાઃ**- હે સખી ! સાંભળ,

જેમ રાજાનો રાજવૈભવ અખૂટ ભંડારથી ભરપૂર હોય છતાં પણ એક સાધારણ પ્રજાજન પાસે ભીખ માંગે તો તે મૂર્ખ કહેવાય, તેમ આ જીવ પોતે અનંત અનંત જ્ઞાન–દર્શનાદિ ગુણોનો પિંડ સુખસ્વરૂપી હોવા છતાં પણ પરદ્રવ્યમાં સારા–નરસાપણાની ( ઇષ્ટ–અનિષ્ટ ) મિથ્યાકલ્પના કરીને અનંત ભવભ્રમણ કરી રહ્યો છે.

**દર્શનાઃ**- હે સખી ! તું શું કહે છે ? આ જીવ...રાજા સમાન છે ? હું તો તદ્દન અજાણ છું, અજ્ઞાન છું.

**ચેતનાઃ**- અરે, હે પ્રિય સખી ! રાજાનો રાજવૈભવ તો એક પર્યાય પૂરતો ક્ષણભંગુર વિનશ્વર છે, પણ આ ચૈતન્યરાજા તો એવો છે કે, જેમ જેમ એનો અનુભવ કરે તેમ તેમાંથી નવું નવું સુખ પ્રગટે, જે અનંત અનંતકાળ સુધી પણ અક્ષયસુખ આપે.

**દર્શનાઃ**- હે સખી ! આત્માનો અનુભવ કેવી રીતે થાય ?

**ચેતનાઃ**- જો તને સાંભળવાની, સમજવાની જિજ્ઞાસા થઈ છે તો સાંભળ, આજે તો આ જ વાત કરીએ. આ આત્મા અનાદિ અનંત છે, જ્ઞાનસ્વભાવી છે તેને જ્યારે એમ ભેદજ્ઞાન થાય કે, આ શરીર, રાગદ્વેષના ભાવ તે હું નહિ અને માત્ર જ્ઞાન તે જ હું,–ત્યારે તેને આત્માનો અનુભવ થાય, તેને સમ્યગ્દર્શન કહે છે, તેને ભેદજ્ઞાન કહે છે, તેને આત્મસાક્ષાત્કાર કહે છે.

**દર્શના**:- હે સખી ! એવો આત્મ–અનુભવ આપણને થાય ?

**ચેતના**:- હે બહેન, કેમ ન થાય ! આપણે પણ જીવ છીએ; ને આત્માનો અનુભવ કરી શકીએ છીએ.

**દર્શના**:- બહેન ! આવા અનુભવી આત્માઓ આપણા દેશમાં અત્યારે છે ?

**ચેતના**:- હા બહેન ! સૌરાષ્ટ્રમાં સુવર્ણપુરી ધામ (સોનગઢ) છે ત્યાં આત્માના અનુભવી ધર્માત્માઓ બિરાજે છે; અને અનુભવ માટેનો ધોધમાર ઉપદેશ ત્યાં સાંભળવા મળે છે.

**દર્શના**:- હે સખી ! આવી વાત સાંભળતાં તો મને પણ સોનગઢ જઈને એ ધર્માત્માઓનાં દર્શન કરવાની અને અનુભવનો ઉપદેશ સાંભળવાની તીવ્ર ઇચ્છા થઈ છે, તો આપણે ક્યારે જઈશું ?

**ચેતના**:- ચાલ આજે જ જઈએ. ધર્મના કામમાં ઢીલ શું ?

**દર્શના**:- હે સખી ! ચાલ આજે જ સંતની છાયામાં જઈએ, અને આ ત્રિવિધ તાપથી બચવા શીઘ્રમેવ આત્માનો અનુભવ કરીએ.

卐 *卐* 卐

બધા સભ્યોને ખાસ સૂચના કરવાની કે આ દિવાળીથી જન્મદિવસની ભેટ યોજના ફરી ચાલુ કરી છે, તે દિવસે સભ્યોને એક સુંદર ફોટો અને કાર્ડ ભેટ મોકલાય છે. તો આ માટે એકવાર ફરીથી નીચેની વિગત દરેક સભ્ય લખી મોકલે– (નામ અને સરનામું, સભ્ય નંબર ઉંમર...અભ્યાસ...જન્મદિવસ.) ઘણા સભ્યોનાં સરનામા અધૂરા છે, ઘણાયના જન્મદિવસની નોંધ નથી,–તો તમને તમારી જન્મદિવસની ભેટ ક્યાંથી મળશે ? માટે ઉપરની બધી વિગત તરત લખી મોકલાવજો.

– આત્મધર્મ બાલવિભાગ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

* [ અમદાવાદના સભ્યોને સૂચના કરવામાં આવે છે કે હવેથી પોતાના જન્મદિવસની ભેટ અમદાવાદમાંથી જ મેળવી લેવી; તથા 'મહારાણી ચેલણા' નું પુસ્તક જેમને ન મળ્યું હોય તેમણે પણ રવિવારે જઈને મેળવી લેવું. સરનામું–દિ. જિનમંદિર ખાડીયા ચાર રસ્તા.) અમદાવાદના ૨૫ બાલસભ્યો તલોદ શિક્ષણશિબિરમાં ગયેલા, ને ત્યાં તેમનો ઉત્સાહ જોઈને સૌ પ્રસન્ન થયા હતા.

*મુંબઈના મુ. શ્રી મુલચંદભાઈ તલાટીએ પત્ર દ્વારા આસો માસના અંક બાબત પોતાનો ખૂબ જ પ્રમોદ વ્યક્ત કર્યો છે, અને આત્મધર્મ પ્રત્યે વિશેષ લાગણી બતાવી છે.

∗ પોસ્ટ ઓફિસને ધન્યવાદ! ભારત બહાર એડિસઅબાબા (ઇથીઓપીઆ) માં આપણા એક સભ્ય (No. ૧૬૧૬) છે. ગત દિવાળીએ (એક વર્ષ પહેલાં) તેમને દીવાળીનું અભિનંદન કાર્ડ આપણે મોકલેલ, પણ ભૂલથી કાર્ડ ઉપર છ પૈસાની જ ટીકીટ લગાડેલી; એમાં તો તે કાર્ડ પરદેશ પહોંચ્યું, ત્યાં ત્રણ વખત તપાસ કરી, અંતે નવ મહિને ભારત પાછું આવ્યું ને કાંઈપણ વધુ ચાર્જ વગર આપણને મળ્યું–જે અત્યારેય બાલવિભાગની ફાઈલને શોભાવી રહ્યું છે.

∗ દિલ્હીથી દીપક જૈન લખે છે–"આત્મધર્મ વાંચી ખૂબ જ આનંદ થયો. સોનગઢમાં પંચપરમેષ્ઠી ભગવંતોનો મેળો ભરાયો છે, તો તે મેળામાં આવવાનું ખૂબ જ મન થાય છે."

∗ અમેરિકાના આપણા સભ્ય મધુબેન જૈન લખે છે કેઃ જન્મદિવસનું કાર્ડ મળતાં ખૂબ આનંદ થયો. અહીં આત્મધર્મ મળતાં તો જાણે સોનગઢ જ મળ્યું હોય એવો આનંદ થાય છે. 'આત્મધર્મ' રસપૂર્વક વાંચું છું ને અમારા જેવા માટે તો તે આશીર્વાદરૂપ છે. ભારતના મારા બાલવિભાગના મિત્રોની પ્રગતિ જણાવતા રહેશો."

∗ ગોરેગાંવથી શૈલાબેન જૈન (નં. ૨૯૫) લખે છે કે આત્મધર્મ તથા તેનો બાલવિભાગ ઘણા ઉત્સાહથી વાંચીએ છીએ. તેમાં પ્રશ્નો પૂછો ત્યારે એવા પ્રશ્ન પૂછશો કે આત્મધર્મમાંથી જ તેનો જવાબ મળી રહે...ને અમારે તે શોધવા માટે ફરજિયાત આખું 'આત્મધર્મ' વાચંવું પડે. (બહેન, આવી યોજના આ અંકમાં જ રજૂ થાય છે.) તમારા પ્રશ્નોના જવાબ હવે પછી આપીશું; તમે તથા તમારા ભાઈ–બહેને દરરોજ સ્વાધ્યાય કરવાનો જે નિયમ કર્યો તે બદલ ધન્યવાદ!

– 卐 –

## –: વૈરાગ્ય સમાચાર :–

અંક છાપતાં છાપતાં ગોંડલના સમાચાર છે કે ત્યાંના પટેલ ભુરાભાઈ રૂડાભાઈને તા. ૧૫–૧૦–૬૮ ના રોજ સર્પદંશ થતાં તેઓ સ્વર્ગવાસ પામી ગયા છે. તેમની ઉંમર માત્ર ૩૭ વર્ષની હતી. તેઓ કોઈ કોઈ વાર સોનગઢ પણ આવતા, ને ગોંડલમાં લગભગ દરરોજ જિનમંદિરે જતા હતા. સર્પદંશ પછી તેઓ ચાલીને ઇસ્પિતાલે ગયેલા ને મુમુક્ષુભાઈઓ સાથે ધર્મસંબંધી વાત કરતા હતા. દેવ–ગુરુ–ધર્મના શરણે તેઓ આત્મહિત પામે–એ જ ભાવના.

# સાચો આત્મા... ઉત્તમ આત્મા

**શુદ્ધઆત્માના અનુભવ વડે જેણે વીતરાગ-રત્નત્રય પ્રગટ કર્યા તેણે આત્માનું સાચું ધન પ્રાપ્ત કર્યું...ને તેણે સ્વઘરમાં વાસ્તુ કર્યું...તે સાચો આત્મા થયો...**

[ સોનગઢ ધનતેરસના રોજ ભાઈશ્રી પ્રેમચંદ કેશવજી (નાઈરોબીવાળા) ના મકાનના વાસ્તુપ્રસંગે સ. કળશ ૬ ઉપર પૂ. ગુરુદેવનું પ્રવચન ]

અનંતકાળમાં પૂર્વે નહિ થયેલું એવું આત્માનું સમ્યગ્દર્શન કેમ થાય? એટલે અપૂર્વ સુખની શરૂઆત કેમ થાય તેની આ વાત છે. આત્મા અતીન્દ્રિય આનંદથી, અતીન્દ્રિયજ્ઞાનથી પૂર્ણ વસ્તુ છે; આવા આત્માની સન્મુખ થઈને શ્રદ્ધા કરતાં સમ્યગ્દર્શન અને અતીન્દ્રિયસુખ પ્રગટ થાય છે. એ સિવાય નવતત્ત્વ સંબંધી ભેદ–વિકલ્પ તે રાગ છે, તે કાંઈ સમ્યગ્દર્શન નથી; તે વિકલ્પમાં સાચો આત્મા અનુભવાતો નથી. સાચો આત્મા એટલે કે પરિપૂર્ણ આત્મા પોતાના શુદ્ધ ગુણ–પર્યાયમાં જ વ્યાપનારો છે, તે વિકલ્પમાં વ્યાપતો નથી. નવતત્ત્વના વિકલ્પમાં લાભ માનીને અટકતાં મિથ્યાત્વ છે. નિજ–પરમાત્માને અનુભવમાં લઈને પ્રતીત કરતાં સુખનો સ્વાદ આવે છે, તે જ સાચો આત્મા છે, તે જ સમ્યક્ત્વ છે.

આવા શુદ્ધ આત્માને શ્રદ્ધા–જ્ઞાન–અનુભવમાં લેવો તે જ આત્માનું સાચું ધન છે; ધર્મી તેને જ ચાહે છે, એ સિવાય બીજાની ચાહના ધર્મીને નથી, સંયોગની કે વિકલ્પની ભાવના તેને નથી. વીતરાગતાની જ ભાવના છે, ને વીતરાગતા શુદ્ધ આત્માના અનુભવથી થાય છે, એટલે શુદ્ધઆત્માની જ ભાવના છે. 'જેવા છઈએ તેવા થઈએ' એટલે જેવો સ્વભાવ છે તેવો જ પર્યાયમાં પ્રગટે,–એ સિવાય બીજાની ભાવના નથી. 'શુદ્ધ છું–શુદ્ધ છું' એમ વિકલ્પ કર્યા કરે તેથી કાંઈ શુદ્ધનો અનુભવ થતો નથી; શુદ્ધના વિકલ્પનો પક્ષ કરે તોપણ મિથ્યાત્વ રહે છે. દ્રવ્ય–પર્યાય બંને જેમ છે તેમ બરાબર જાણીને, જ્ઞાનને અંતર્મુખ કરીને પ્રતીત કરતાં વિકલ્પાતીત આત્મા અનુભવમાં આવે છે; આવા અનુભવવડે જ વીતરાગતા થાય છે. જેવો સ્વભાવ હતો તેવો પ્રગટ અનુભવમાં આવ્યો, એટલે જેવો હતો તેવો થયો, જેવો હતો તેવો પરિણમ્યો,–તે આત્મા સાચો આત્મા થયો.

અનંત આત્મા, તેમાં એકેક આત્મા સર્વજ્ઞસ્વભાવથી પરિપૂર્ણ; તે એક આત્મામાં અનંત ગુણો; એકેક ગુણમાં અનંતી પર્યાય થવાની તાકાત;–આવી આત્મવસ્તુ તે જ જગતમાં સર્વોત્તમ વસ્તુ છે; આવી સ્વ–વસ્તુને ઓળખીને તેમાં વાસ કરવો તે સાચું વાસ્તુ છે; તે સ્વઘરમાં આવીને વસ્યો, તેમાં અતીન્દ્રિયસુખનું વેદન છે. આવા આત્માના અનુભવથી ઉત્તમ જગતમાં બીજું કાંઈ નથી. અનંત ગુણ–પર્યાયની તાકાતથી પરિપૂર્ણ આત્મા, તેને પ્રતીતમાં–અનુભવમાં લીધો તે સુખથી ભરેલા સ્વ–ઘરમાં આવીને વસ્યો. આત્માની જાહોજલાલી અપાર છે. આખી દુનિયાની જાહોજલાલીનું જ્ઞાન તો જેની એક પર્યાયમાં સમાઈ જાય છે–તેના અનંતગુણની જાહોજલાલીની શી વાત? આવા અનંતગુણ–પર્યાયરૂપી ધન આત્મામાં ભર્યું છે. આ ધનતેરસનું ધન! ને આ આત્મામાં અપૂર્વ વાસ્તુ! આવા સ્વઘરમાં વસ્યો તેને કોઈની ફીકર રહેતી નથી...નિશ્ચિંત નીરાકુળ થઈને નિજસ્વભાવના આનંદને તે વેદે છે.

શુદ્ધઆત્માની પ્રસિદ્ધિ શુદ્ધનયને આધીન છે. શુદ્ધનય વડે ભગવાન આત્માની ચૈતન્યલક્ષ્મી પ્રગટ થાય છે. જડ–પૈસા વગેરે લક્ષ્મી તે કાંઈ આત્માની લક્ષ્મી નથી. પૈસા મળો, લક્ષ્મી મળો–એનો અર્થ જડનો સંયોગ મળો–એમ અજ્ઞાની સંસારની ભાવના આવે છે. ધર્માત્મા તો ચૈતન્યલક્ષ્મીની ભાવના ભાવે છે–જેમાં જડનો સંયોગ નથી, રાગનો વિકલ્પ નથી. શુદ્ધ આત્માના અનુભવથી સમ્યગ્દર્શનાદિ વીતરાગી રત્નત્રય પ્રગટે–તે જ આત્માનું સાચું ધન છે. એવો અનુભવ કર્યો તેણે સાચી ધનતેરસ ઉજવી.

અહા, મનુષ્યપણામાં આવો આત્મા ઓળખે તેનું માનવપણું સફળ છે. આત્માનો પ્રેમ જો ન કર્યો ને રાગનો–સંયોગનો પ્રેમ રાખ્યો તો તેના ફળમાં ચારગતિનાં દુઃખ છે. ભાઈ, એકરૂપ તારું શુદ્ધસ્વરૂપ–જે સંયોગ સાથે કે રાગ સાથે કદી એકમેક ન થાય, તેને લક્ષમાં લઈને તેનો પ્રેમ કર, તેની શ્રદ્ધા અને અનુભવ વડે પરમ સુખરૂપ મોક્ષદશા પ્રગટ થશે ને ચારગતિનાં દુઃખનો અંત આવશે. ભગવાન મહાવીર પરમાત્માએ પાવાપુરીમાં આવો ઉપદેશ આપ્યો હતો, ને આવા જ માર્ગથી તેઓ મોક્ષ પામ્યા. જગતના જીવોને મોક્ષ માટે આવો માર્ગ ભગવાને બતાવ્યો.

[ વાસ્તુપ્રસંગે ભાઈશ્રી પ્રેમચંદભાઈએ સજોડે બ્રહ્મચર્ય–પ્રતિજ્ઞા અંગીકાર કરી હતી; તથા છહઢાળાના પ્રવચનનોનું પુસ્તક છપાવીને આત્મધર્મના ગ્રાહકોને ભેટ આપવાનું જાહેર કર્યું હતું. ]

# શ્રીમદ્ રાજચંદ્રજીનાં વચનામૃત

( જન્મ–શતાબ્દિ લેખમાળાઃ ( લે.–૮ ) અંક ૨૯૫ થી ચાલુ )

( ૩૮૮ ) જ્ઞાનીનાં વચનની પરીક્ષા સર્વ જીવને સુલભ હોત તો નિર્વાણ પણ સુલભ જ હોત. ( ૪૬૨ )

( ૩૮૯ ) ભુજાએ કરી જે સ્વયંભૂરમણ સમુદ્ર તરી ગયા, તરે છે અને તરશે તે સત્પુરુષોને નિષ્કામ ભક્તિથી ત્રિકાળ નમસ્કાર. ( ૪૭૭ )

( ૩૯૦ ) કષાયાદિનું મોળાપણું કે ઓછાપણું ન થાય ત્યાં સુધી જ્ઞાન ઘણું કરીને ઉત્પન્ન જ ન થાય. ( ૪૮૮ )

( ૩૯૧ ) પરમાર્થ આત્મા શાસ્ત્રમાં વર્તતો નથી, સત્પુરુષમાં વર્તે છે. ( ૪૮૮ )

( ૩૯૨ ) અનિયમિત અને અલ્પ આયુષ્યવાળા આ દેહે આત્માર્થનો લક્ષ સૌથી પ્રથમ કર્તવ્ય છે. ( ૪૯૩ )

( ૩૯૩ ) “સ્વભાવમાં રહેવું, વિભાવથી મુકાવું” એ જ મુખ્ય તો સમજવાનું છે. ( ૫૦૮ )

( ૩૯૪ ) આત્મદશા સાધે તે સાધુ. ( ૫૪૯ )

( ૩૯૫ ) સર્વજ્ઞે અનુભવેલો એવો શુદ્ધ આત્મપ્રાપ્તિનો ઉપાય, શ્રીગુરુવડે જાણીને તેનું રહસ્ય ધ્યાનમાં લઈને આત્મપ્રાપ્તિ કરો. ( ૬૨૫ )

( ૩૯૬ ) જહાં રાગ અને વળી દ્વેષ, તહાં સર્વદા માનો કલેશ;
ઉદાસીનતાનો જ્યાં વાસ, સકળ દુઃખનો છે ત્યાં નાશ.
સર્વકાળનું છે ત્યાં જ્ઞાન, દેહ છતાં ત્યાં છે નિર્વાણ;
ભવ છેવટની છે એ દશા, રામ ધામ આવીને વસ્યા.

–વર્ષ ૨૩ મું ( ૮૫ )

( ૩૯૭ ) જેના વિના એકપળ પણ હું નહીં જીવી શકું એવા કેટલાક પદાર્થો ( સ્ત્રી આદિક ) તે અનંતવાર છોડતાં, તેનો વિયોગ થયાં અનંતકાળ પણ થઈ ગયો; તથાપિ તેના વિના જીવાયું એ કંઈ થોડું આશ્ચર્યકારક નથી. અર્થાત્ જે જે વેળા તેવો પ્રીતિભાવ કર્યો હતો તે તે વેળા તે કલ્પિત હતો. એવો પ્રીતિભાવ કાં થયો ? એ ફરી ફરી વૈરાગ્ય આપે છે.

( ૩૯૮ ) વળી જેનું મુખ કોઈ કાળે પણ નહીં જોઉં; જેને કોઈ કાળે હું ગ્રહણ નહીં જ કરૂં; તેને ઘેર પુત્રપણે, સ્ત્રીપણે, દાસપણે, નાના જંતુપણે શા માટે જન્મ્યો ? અર્થાત્ એવા દ્વેષથી એવારૂપે જન્મવું પડયું ! આને તેમ કરવાની તો ઇચ્છા નહોતી ! કહો એ સ્મરણ થતાં આ કલેષિત આત્મા પરત્વે જાુગુપ્સા નહીં આવતી હોય ? અર્થાત્ આવે છે.

( ૩૯૯ ) વધારે શું કહેવું ? જે જે પૂર્વનાં ભવાંતરે ભ્રાંતિપણે ભ્રમણ કર્યું, તેનું સ્મરણ થતાં હવે કેમ જીવવું એ ચિંતના થઈ પડી છે. ફરી ન જન્મવું, અને ફરી એમ ન જ કહેવું એવું દ્રઢત્વ આત્મામાં પ્રકાશે છે.

( ૪૦૦ )

સુખધામ અનંત સુસંત ચહી,<br>
દિનરાત રહે તદ્ ધ્યાનમહીં;<br>
પ્રશાંત અનંત સુધામય જે,<br>
પ્રણમું પદ તે વર તે જય તે.

શ્રીમદ્ના જીવનનું આ અંતિમ કાવ્ય છે........

માત્ર ૩૩ વર્ષ ૫ માસના આયુમાં દેહાંતના થોડા દિવસ પહેલાં ચૈત્ર સુદ ૯ ના રોજ ઉપરોક્ત શબ્દો દ્વારા તેમણે, સંતોને અતિ વ્હાલું એવું જે સુખધામ ચૈતન્યપદ, તેને યાદ કરી તેના ધ્યાનની ભાવના ભાવી, તેને પ્રણમન કરીને તેનો જયકાર કર્યો છે. એ રીતે ચૈતન્યપદના જયકારપૂર્વક તેની આરાધનાસહિત સ્વર્ગે સીધાવ્યા છે...ને હવે અલ્પકાળમાં તે આરાધના પૂર્ણ કરીને સાદિ–અનંત સુખમય એવા પરમ પદને પામશે ને સિદ્ધાલયમાં બિરાજશે.


એવા સિદ્ધપદસાધક સન્ત શ્રીમદ્ રાજચંદ્રજીને નમસ્કાર હો.

એવા સાધક સન્તોની ઓળખાણ કરાવનાર કહાનગુરુને નમસ્કાર હો.

– 卐 –

એવા કયા જીવો છે કે જેઓ જન્મથી માંડીને આખી જીંદગી દરમિયાન વધુમાં વધુ સાત કર્મો જ બાંધે છે,–આઠ કર્મો જીવનમાં ક્યારેય નથી બાંધતા ?

**દેવો નંદીશ્વર જાય છે...** **નંદીશ્વરના શાશ્વત જિનમંદિરો**



આપણે જંબુદ્વીપમાં રહીએ છીએ, ત્યારપછી ધાતકીખંડદ્વીપ અને અર્ધો પુષ્કરદ્વીપ–એમ અઢી દ્વીપ સુધી મનુષ્યક્ષેત્ર છે; ત્યારપછી આગળ જતાં આઠમો નંદીશ્વરદ્વીપ છે; ત્યાંના શાશ્વત જિનમંદિરોમાં દેવો પૂજા કરવા જાય છે. અત્યારે કા. સુ. ૮ થી ૧૫ એ નંદીશ્વરદ્વીપપૂજનનું અષ્ટાહ્નિકાપર્વ છે. પૂર્વે વાસુપૂજ્ય ભગવાનના વખતમાં વાનરદ્વીપમાં શ્રીકંઠરાજા હતા; અષ્ટાહ્નિકા વખતે ઇન્દ્ર ( કે જે પૂર્વભવમાં તેના ભાઈ હતા તે ) વિમાનમાં બેસીને નંદીશ્વર જતા હતા. તેમને દેખીને શ્રીકંઠરાજાને પણ નંદીશ્વર જવાની ભાવના થઈ, ને વિમાનમાં બેસીને ચાલ્યા. પણ માનુષોત્તરપર્વત નજીક આવતાં વિમાન અટકી થયા. ત્યારે રાજા વૈરાગ્ય પામે છે કે અરે, દેહધારણ કરવામાં કેવી પરાધીનતા છે! આ ભવભ્રમણની જેલથી હવે બસ થાઓ. આ માનુષોત્તરપર્વત નંદીશ્વર જતાં ભલે રોકે પણ સિદ્ધલોકમાં જતાં તે નહિ અટકાવી શકે...માટે એવો ઉપાય કરું કે આત્મા સિદ્ધપદ પામે!– આમ સંસારથી વિરક્ત થઈને શ્રીકંઠરાજા મુનિ થયા.

# ઘણું મોટું કાર્ય... તેનું સાધન પણ મહાન

કેવળજ્ઞાન ઘણું મોટું છે, ને તેની સાથે પૂર્ણ આનંદ પણ ઘણો મહાન છે. આવડા મોટા જ્ઞાન–આનંદરૂપ જે મહાન કાર્ય, તે પ્રગટ કરવા માટેનું સાધન પણ મોટું જ હોય.

રાગ જેવા તૂચ્છ સાધનવડે એવડું મોટું જ્ઞાન ને આનંદ પ્રગટી શકે નહિ.

માત્ર સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન વડે પણ તે કેવળજ્ઞાન ને પૂરું સુખ નથી પ્રગટતું. પણ સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનની સાથે શુદ્ધોપયોગીવીતરાગચારિત્ર જોઈએ, –તેનામાં જ કેવળજ્ઞાન ને પૂર્ણાનંદરૂપ મહાન કાર્યને સાધવાની તાકાત છે. કેવળજ્ઞાનને સાધનારા સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર ત્રણેની મહાન તાકાત છે.

જે મહાન ચૈતન્યસ્વભાવ, તેના આશ્રયે થતા મહાન શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્ર વડે કેવળજ્ઞાન અને પૂર્ણાનંદરૂપ મહાન કાર્ય સધાય છે.

તે શ્રદ્ધા પણ એવડી મોટી–મહાન છે કે ભેગા આનંદાદિ અનંતગુણોના અંશનું વેદન લેતી પ્રગટે છે; જ્ઞાન પણ એવડું મહાન છે કે અનંતગુણના અંશ સહિત વર્તે છે; શ્રદ્ધા–જ્ઞાન આવા મહાન છતાં તેમની સાથે જ્યારે શુદ્ધોપયોગરૂપ મહાન વીતરાગચારિત્ર ભળે ત્યારે જ કેવળજ્ઞાનરૂપ મહાન કાર્યને સાધી શકે છે.

**અહો, કેવું મહાન કાર્ય!**
**ને કેવું મહાન એનું કારણ!**

આવા મહાન કાર્ય–કારણ પાસે રાગ તો બિચારો સાવ તૂચ્છ થઈને ક્યાંય ભાગી જાય છે...ને કાર્યસિદ્ધિ થતાં અતીન્દ્રિયજ્ઞાનઆનંદમાં આત્મા ઝુલે છે: એ છે અપૂર્વ બેસતું વર્ષ!

---

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ વતી પ્રકાશક અને
મુદ્રક: મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય: સોનગઢ (પ્રત: ૨૫૦૦)